☞ સુધરેલી રીત મુજબ ☜

રેગ્યુલર ટેકસ્ટ બુકસ રીવિઝન કમિટીએ તૈયાર કરેલી

ત્રીજી ચોપડીના અર્થ

(જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; પાઠના સવાલ તથા સાર; ભુગોળના સવાલ, ગુજરાતી અઘરા શબ્દો; જોડાક્ષર; ડ્રિલ; ગીત.

રચનાર—મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કંપની

રચનારનું ઠેકાણું—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા—*C. M. Shah.*

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર—સુરત.

છાપનાર—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.

છાપવાનું ઠેકાણું—શ્રી "શંકર" પ્રીન્ટીંગ પ્રેસ.

ચૌટાના પુલ ઉપર ટાંકી પાસે—સુરત.

સંવત ૧૯૮૪] કિંમત રૂ. ૦—૫—૦ [સને ૧૯૨૮

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો૦ કૃત.

ત્રીજી ચોપડીના અર્થ.

પાઠ ૧.

બાળપોથી=નાનાં છોકરાંને ભણવાની ચોપડી
મૂળાક્ષર=સ્વર અને વ્યંજન
બારાખડી=પદ
રમુજી=ગમત આપનારી
લાભ=ફાયદો
જોડાક્ષર=જોડેલા અક્ષર
જ્ઞાન=સમજ; ભાન
જોગ=લાયક
હકીકત=વાત
સરસ=સારી; મનને પસંદ પડે એવી
ઉમંગથી=હોંસથી
ચિત્રો=ચિત્રામણ; છબી
આનંદ=ખુશી
હોશિયારી=ખબરદારી
વાકય=એક અથવા વધારે શબ્દો મળવાથી મનમાં ધારેલો વિચાર જેથી પુરો જણાવાય તે
વાર્તા=વાત
બોધ=શિખામણ
બારીક=ઝીણી
મુકાબલો=સરખામણી
ભૂગોળ=પૃથ્વીનો ગોળો
અધિકારી=ઉપરી
માહીતી=ખબર
રસીલી=ગમત ભરેલી
સંબંધી=વિષે; બાબત
સારી=રૂડી
નમુના=નકલ
નજર કરો=ધ્યાન આપો; વિચારો
સામાન્ય=રોજ વપરાશમાં આવતી
વર્ણન=વિગતવાર કહેવું તે; બ્યાન
તોળવા=જોખવા; તોકવા
સોદો=માલ; ચીજ
છેતરાશો=ઠગાશો
ઉતાવળે આંબા ન પાકે=ઘણી ઝડપ કરવાથી કામ થાય નહિ.
ધ્યાન=ચિત્ત; મન
ખાતરી=ભરોસો
પોપટીઉં=ઉપલકીઉં; સમજ વગરનું
જુની ચોપડી=પાછલી ચોપડી; બીજી; પહેલી, બાળપોથી
સાર-(૧) ભણવામાં ઉતાવળ કરવી નહિ. (૨) જે વાત વાંચવામાં આવે તે ખરી છે કે ખોટી તેની જાતે માહીતી મેળવવી.

પાઠ ૨. ભાગ ૧.

લિપિ=ભાષા
સિવાય=વગર
બ્રાહ્મણી=બાળબોધ
જુના=પહેલાંના
પંડિતો=વિદ્વાન; ઘણું ભણેલા
માથું=ઉપલો ભાગ
અંક=આંકડા

અનુસ્વાર=ટપકું
વિસર્ગ=કંઈક હકારનો ઉચ્ચાર થાય એવું ચિહ્ન; અક્ષરની જોડે બે ટપકાં મૂકવાં તે
પ્રમાણે=મુજબ

પાઠ ૨. ભાગ ૨.

નીપજે=થાય
લહીઓ=સારા અક્ષરનો લખનાર
લપટાવું=ફસાઇ પડવું
લાલચ=લોભ
નર્યા=રોગ વગરના
જાતે=પોતે
શ્રદ્ધા=ભરોસો; વિશ્વાસ
ઉદ્યોગી=મહેનતુ
ચેન=સુખ; નિરાંત
ઠાઠ=ડોળ; ભપકો
ફૂકકડ=સહેલાણી; છેલ
ખાલી=નકામો; ફોકટ
અજુકતું=અઘટતું
અસલ=અગાઉ
વિદ્યાભ્યાસ=ભણવું તે

ઝાઝો=ઘણો
મેળવી=સરખાવી

પાઠ ૩.

ટટ્ટુ=નાનો ઘોડો
બજાર=હાટ; ચૌટું
દોરે=લગામ પકડીને આગળ ચાલે
છતે=છે
હડહડતો=પુરેપુરો
કળિયુગ=ખરાબ વખત
દૂર=છેટે
બૂમ=હાંક
બુદ્ધિ=અકકલ
ફરી ગઈ=જતી રહી
રાજાના કુંવર જેવા=કોમળ
ખરે બપોરે=મધ્યાને
હિંડાડે=ચલાવે
ખર્યુંપાન=ઘરડો; વૃદ્ધ
શરમાઈ=લજવાઇ
જોસબંધ=જોરથી
શ્રાવક=જૈન ધર્મ માનનાર
સંઘ=જાત્રાળુઓનું ટોળું

ઘાતકી=દયા વગરનો; નિર્દય.
ભાર=વજન; બોજો
વીખરાઇ જશે=અછવાઇ જશે
ખભે=ખાંધે
વખતસર=બરાબર વખતે
પૂલ=નદી કે ખાડીપરથી જવા આવવાને માટે બાંધેલો રસ્તો
તોફાન=મસ્તી
ફીકે મોઢે=ચીલે મોઢે; દીલગીર ચહેરે
પસ્તાયા=દીલગીર થયા
સલાહ=વિચાર
દશા=હાલ; હાલત; દશા

સાર—આપ બુદ્ધિએ જયજયકાર, પરબુદ્ધિએ પ્રલયકાર. માટે આપણી પોતાની બુદ્ધિ પ્રમાણે ચાલવું; પણ આપણી બુદ્ધિ ખરે રસ્તે દોરવે છે કે નહિ તેનો વિચાર કરવો.

પાઠ ૪.

ધણીધણિઆણી=સ્ત્રી પુરુષ; વરવહુ
ઇશ્વરની ભકિત=ઇશ્વરનું ભજન
ગાળતાં=ગુમાવતાં; કાઢતાં
નરસિંહ ચૌદશ=વૈશાખ સુદ ચૌદશ
રૂપ=દેખાવ; શોભા; ખુબસુરતી
ભંડાર=ખજાનો
વાણીથી=બોલથી
પેદા=ઉત્પન્ન
ગુજરી ગયા=મરી ગયા
ઉછેરવાનું=મોટા કરવાનું
મા પર આવી પડયું=માને માથે પડયું
સ્વભાવ=ખાસીયત
સલાહ=વિચાર
મદદ=આસરો; આધાર
અસર=લાગણી
પરગજુ=પારકાપર ઉપકાર કરનાર
નીવડયો=નીકળ્યો
અભ્યાસ=મહાવરો; મંડયા રહેવું તે
શિક્ષક=મહેતાજી; ગુરુ
માનીતો=વ્હાલો; પ્યારો
નાની મોટી=સહેલી
બાબત=વિષય [અઘરી
ઇચ્છે=ચાહે
માઠું=ખોટું
સાંઢ=આખલો; ગોધો
પછાડી=પટકી; અફાળી
ધાર=રેલો
ખડખડ હસવા લાગ્યા=મશ્કરી કરવા લાગ્યા
અંતઃકરણ=મન; દીલ
એકદમ=ઓચીંતી
ફેંટો=માથે બાંધવાનું લુગડું
પાટો=લુગડાનો ચીરો
ઘા=જખમ
વખાણ=સારૂં કહેવું તે
જીવતો ઘેર આવત નહિ=મરી જતે
ખસ્યો નહિ=ગયો નહિ
વૈદ=દેશી દાકતર
શુદ્ધિ=ભાન
પરગજુપણું=પરોપકાર; પારકાનું ભલું કરવાનો ગુણ
આશ્ચર્ય=નવાઇ

પાઠ ૫.

ઉમર=વરસ
ગુજરાન=ભરણપોષણ
પ્રીતિ=હેત; પ્યાર
દયાથી ઉભરાઈ આવ્યું=ઘણીજ દયા આવી
ખાડા પડયા=બેસી ગયું; કુવા પડયા
જીવ આવ્યો=શુદ્ધિ આવી
આશિષ=દુવા; આશિર્વાદ
ખૂંચેલો=પેસી ગએલો
કાંઠે=કિનારે
ડૂબતો=બૂડતો
ઉંધો=અવળો
ટંગાવી=લટકાવી
પાડ=ઉપકાર
ઇનામ=ભેટ; બક્ષીસ
થોભાય=ખોટી થવાય

ધાડું=ગીચ
જંગલી=ઝાડી ખાનાર
પૈઠો=દાખલ થયો
કૃપાથી=મહેરબાનીથી
ઇજા=દુઃખ
ભાઈબંધ=દોસ્તદાર
સહીસલામત=સુખેથી; જોખમ કે અડચણ વગર
વિવાહ=લગ્ન
સામેલ=દાખલ

સાર—આપણે દરેક માણસના ઉપર ઉપકાર કરતાં રહેવું જેથી ઇશ્વર આપણા ઉપર ખુશી થશે અને આપણું ભલું થશે.

પાઠ ૬.

અદલ=વ્યાજબી
ઇન્સાફ=ન્યાય
પૈસાદાર=પૈસાવાળો
ગામઠી=મહેતાજીની
વળગ્યો=લાગ્યો
નસીબદાર=નસીબવાન; ભાગ્યશાળી
ધંધામાં=રોજગારમાં
ફાવતો ગયો=વધતો ગયો
ધન=પૈસો; દોલત
કીમતી=ઘણી કિંમતનો
ઘરેણાં=દાગીના
ઘડાવ્યાં=કરાવ્યાં
દોલત=પુંજી
ખરીધા=વેચાતા લીધા
આબરૂ=કીર્તિ
મરણ પથારી પર પડયા=મરવા પડયા
મરણ=મોત
મિલ્કત=પુંજી; દોલત
ભાગ=હિસ્સો; વહેંચણ
વર્તશું=ચાલીશું
ત્રીજોભાગ=ત્રણ ભાગમાંનો એક ભાગ
નવમો ભાગ=નવ ભાગમાંનો એક ભાગ
કબુલાત=વચન; મોઢાનો બોલ
દહાડોપાણી=મરણ પાછળનો ખરચ
તોડ=ફેંસલો; નિકાલ
દિવાન=પ્રધાન; વજીર
ઉમેર્યો=વધાર્યો
ખબર=જાણ; માલમ
વાહવાહ=વખાણ

પાઠ ૭.

પોળ=શેરી
લખોટે=મંજે
સુશોભિત=દેખાવડા
અટકાવ્યો=રોકયો
નજીવી=નકામી; માલ વગરની
ટેવ=આદત
પાપી=દુષ્ટ
સજા=શિક્ષા
આસપાસ=આજુબાજુ
આકાશ=ગગન
અંતર=મન
આભાસ=અજવાળું; તેજ
ચાસ=ખેતરમાં હળે કરીને પાડેલા આડા ઉભા લીટા
પાસ=પાસે; નજીક
વિશ્વપતિ=દુનિયાનો ધણી; પરમેશ્વર.
વાસ=મુકામ; રહેઠાણ

ભોંયરે=ભોંયરામાં
ઘડીએ=કરીએ; રચીએ
ઘાટ=વિચાર
જગતનો તાત=દુનિયાનો બાપ; પરમેશ્વર
ખોળીએ=શોધીએ
કણી=રજકણ; ઝીણામાં ઝીણો ભાગ
કામ=માટે
જગકર્તા=દુનિયા બનાવનાર; પરમેશ્વર
વિના=વગર
ઠાલું=અમથું; ખાલી
ઠામ=ઠેકાણું
સાર—પરમેશ્વર બધેજ ઠેકાણે છે માટે આપણે ખોટાં કામ કામ કરતાં બીવું. ખોટા કામ કરતાં નહિ.

સમજુતી—આપણી આજુબાજુએ, ગગનમાં અને મનમાં પરમેશ્વરનું તેજ છે; ઘાસ અને ચાસની પાસે પણ પરમેશ્વરનું રહેઠાણ છે. (૨) ભોંયમાં પેસીને ભોંયરામાં કાંઈ વાત કરીએ અથવા મનમાં નઠારા (કોઇનું ભુંડું કરવાના) વિચાર કરીએ તો તે પરમેશ્વર જાણે છે. (૨) રજકણ મૂકવાને માટે પરમેશ્વર વગરની કોઇ પણ જગા શોધીએ તો પરમેશ્વર વગરની કોઈપણ જગા ખાલી મળે નહિ. મતલબ કે બધેજ પરમેશ્વર છે. (૩)

પાઠ ૮.

વિશ્વસ્વામી=દુનિયાનો ધણી; ઈશ્વર
શીશ=માથું
નામી=નમાવી
શીશનામી=માથું નમાવી; પગે લાગી
આપદા=દુ:ખ
ઉગારો=બચાવો
દીનાનાથ=ગરીબોનો ધણી; પરમેશ્વર [મદદ
આધાર=આસરો; ટેકો;
પાળનાર=પોષણ કરનાર
સદા=હંમેશાં; દરરોજ
ઉપકારો=પાડ; આભાર
રાંક=ગરીબ
અજ્ઞાન=સમજણ વગરનો; અણસમજુ
પ્રાણી=જીવ
તુંથી=તારાથી
અજાણી=જાણ્યા વગરની
ન અજાણી=અજાણી નથી; જાણીતી છે
ક્ષમા=માફી
વાંક=ગુનો; તકસીર
મતિ=બુદ્ધિ; અક્કલ
છેક=ઘણીજ
દીલ=મન; અંતર
ધારો=આણો; લાવો;
કુટુંબીજનો=સગાંવહાલાં
સારાં=નીરોગી; તંદુરસ્ત
શક્તિ=બળ
દાસ=સેવક; ચાકર
નિવારો=દૂર કરો; મટાડો; ટાળો
સ્તુતિ=વખાણ

સમજુતી—અરે! દેવના દેવ! જગતના ધણી–પરમેશ્વર હું તમને પગે લાગીને પ્રાર્થના કરૂં છું કે હે દયાળુ તમે મને દુઃખથી બચાવો. હે ગરીબોના બેલી–પરમેશ્વર મને ફક્ત તારોજ આસરો છે. (૧) હે પરમેશ્વર તમે બધાંનું પોષણ કરનારા છો; અને હંમેશાં બધાનું દુઃખ મટાડનારા છો; તમે મારા પર કરોડો ઉપકારો કર્યા છે. હે ગરીબોના બેલી–પરમેશ્વર મને ફક્ત એક તારોજ આસરો છે. (૨) હું ગરીબમાં ગરીબ અને સમજણ વગરનો જીવ છું. મારી કાંઈ પણ વાત તમારાથી અજાણી નથી (મતલબ કે બધીજ તું જાણે છેજ) હે દયાળુ મારો ગુનો માફ કરો. હે ગરીબોના બેલી–પરમેશ્વર મને ફકત એક તારોજ આસરો છે. (૩) અમે નાનાં છોકરાઓ હાથ જોડીને (કરગરીને) કહીએ છીએ કે હે પ્રભુ અમારી બુદ્ધિ ઘણીજ ઓછી છે. માટે મહેરબાની કરીને અમારી માગણી મનમાં લાવો; હે ગરીબોના બેલી પરમેશ્વર મને ફકત એક તારોજ આસરો છે. (૪) અમે ને અમારાં જે સગાંવહાલાં છે તે બધાં શરીરે સુખી (તંદુરસ્ત) અને જબરાં રહીએ. તમે અમને હંમેશાં સારા વિચારો આપજો. હે ગરીબોના બેલી પરમેશ્વર મને ફકત એક તારોજ આસરો છે. (૫) મેં તમારી જરા પણ ભકિત કરી નથી, તેમજ આપના ગુણ ગાવાની (ભજન કરવાની) શકિત મારામાં નથી. તોપણ દયા લાવીને (મહેરબાની કરી) સેવકના દુઃખ મટાડો. હે ગરીબોના બેલી–પરમેશ્વર મને ફકત એક તારોજ આસરો છે. (૬)

પાઠ ૯.

દર=નાનાં પ્રાણી પોતાને રહેવા માટે ભોંયમાં જે બાકાં પાડે છે તે

છાંયે=છાંયડે

પંજામાં=દાવમાં;સપટામાં

સપડાયલો=પકડાયલો; ઝલાયલો

કાલાવાલા=કરગરીને કહેવું તે; આજીજી

ગુનો=વાંક

આફત=આપદા; દુઃખ

સેવક=ચાકર; દાસ

જીવતદાન=કોઇનો જીવ બચાવવો તે

હસીને=મશ્કરી કરીને
મગરૂરી=શેખી; પતરાજી
ગર્વ=મગરૂરી; અહંકાર
વન=જંગલ
ભાન=સમજ; અક્કલ
જાળ=ફાંદો
ફાંફાં=ખોટી મહેનત
છુટાયું=નીકળાયું
અકળાયો=ગભરાયો
સાટું=બદલો
વાળવાનો=આપવાનો
મહારાજ=મોટા રાજા
બજાવશે=કરશે
છુટો થયો=નીકળ્યો
અત્યારે=હાલ; હમણાં
સાંભરતી=યાદ આવતી
હસતો હતો=મજાક કરતો હતો
તરણા સરખું=તણખલાં જેવું; નકામું; નજીવું
બેવડો=બમણો
સાર-ગર્વ કરવો નહિ

પાઠ ૧૦.

પરચુરણ=જુદી જુદી જાતના
ફેરી=વેચવા ફરવું તે
ફેરી કરી=ફરીને છુટક વેચી
ગુજરાન=ગુજારો
ઘરાક=સોદો લેનાર
ખોટી=ગેરવાજબી
કિંમત=ભાવ
છેતરતો=ઠગતો
શાખ=આબરૂ; ભરોસો
ઠરાવ્યા=નક્કી કીધા
સામાન=વસ્તુ; ચીજ
પ્રમાણિક=વહેવારમાં સાચો
પ્રમાણિક રહેતો=ખરી રીતે ચાલતો
મોહનમાળા=ડોકમાં પહેરવાની સોનાની માળા
જડી=મળી
પોલીસ=રૈયતનું રક્ષણ કરનાર માણસ
થાણું=ચોકી
પોલીસ થાણાનો અમલદાર=નાયક
ફરજ=જરૂર; અગત્ય
વાણી=બોલ; શબ્દ
માફક=પેઠે
કમાયો=પેદા કીધું
દુકાન=માલ વેચવાનું ઠેકાણું.
શરૂ કર્યો=કરવા માંડ્યો
ભાવ=કિંમત; મૂલ
કાશી=ગંગા નદી પર શહેર છે; બનારસ
આગ્રહ=કાલાવાલા; તાણ
કોલેરા=ઝાડો ને ઉલટી થાય તે રોગ
લાગુ પડવાથી=થવાથી
મહા મુશ્કેલી=ઘણી મુશીબત
વિધવા=જેનો ધણી મરી ગયો હોય તે સ્ત્રી
ધન્ય=શાબાશ
સાર=કોઇનું પણ હરામનું લેવાની કદી ઇચ્છા રાખવી નહિ. જો આપણે કોઇનું હરામનું લઇએ તો તેની સાથે આપણી પાસે હોય તેપણ જાય.

પાઠ ૧૧.

ખેડી ખાવાને=ખેતી કરવાને
તુરંગ=જેલ; કેદખાનું
છંદ=નઠારી ટેવ
જાપ્તો=ચોકસી; તજવીજ
લાગ=દાવ
ધનવાન=પૈસદાર; શ્રીમંત
વિકટ=બિહામણું
રાહ=વાટ
ચોકીદારો=ચોકી કરનાર
દ્રવ્ય=નાણું
લુંટી=ખુંચવી
પાળ=કોરણ
તાલેવંત=પૈસાદાર
મિઠાઇ=ગળ્યું ખાવાનું; બરફી, પેંડા વગેરે
સુખે=નિરાંતે
નસીબ=ભાગ્ય
કંદોઇ=સુખડીઓ
ભેળવ્યું=મેળવ્યું
તાકયું=ધાર્યું; ઇચ્છયું
મડદાં=મુડદાં; મરી ગએલાં પ્રાણીઓ
ગીધ=ફાડી ખાનારૂં મોટું પક્ષી
મગર=ગરોડીથી પચીસ ગણું મોટું પાણીમાં રહેનારૂં પ્રાણી
વાવે=રોપે
લણે=લે
પામે=મળે

સાર–"વાવે તેવું લણે ને કરે તેવું પામે." "ખાડો ખોદે તેજ પડે."

પાઠ ૧૨.

વર્તણુક=રીતભાત
સહન થઇ શકયું નહિ=ખમાયું નહિ
ફોસલાવી=ખોટું સમજાવી
જુલમ=જબરાઈ
રૂચતી=ગમતી
નીચ=પાપી
કંઇ બાકી રાખતો નથી=ઘણુંજ કરે છે
ગંધર્વ=ગવૈયાની એક જાત; સ્વર્ગમાં ગાનારા
અપકાર=અવગુણ; ભુંડું કરવું તે
ગળગળા=છાતી ભરાઇ આવેથી નરમ થએલા
આફતો=અડચણો
ગુસ્સે થતા=ક્રોધ કરતા

સાર—કોઇ આપણું ભુંડું કરે તોપણ આપણે તેનું ભલુંજ કરવું તેથી ઇશ્વર આપણા ઉપર રાજી થશે

પાઠ ૧૩.

ન્યાયાધીશ=ઇન્સાફ કરનાર
અદલ=ખરો; વાજબી
રાજકાજ=રાજકારભાર
કચેરી=દરબાર
ચર્ચા=વાતો; વિચાર
સાક્ષી=વાત જાણનાર
અચરત=નવાઇ
હક=માલીકી; દાવો
ગળેપડુ=ખોટો હક કરનાર

સાર–હરામનું લેવાની ટેવ રાખવી નહિ.

પાઠ ૧૪.

ગૃહસ્થ=કુટુંબ કબીલા-વાળો સારી સ્થિતિનો માણસ

કકડીને=ઘણીજ; સખત

નિસાસો=દુઃખ કે દીલ-ગીરીને લીધે શ્વાસ નાખવો તે

અભાગીઓ=કમનસીબ; અકર્મી

કરમાઈ ગયું=ફીકું પડી ગયું; ઉતરી ગયું.

ફરમાવ્યું=હુકમ કીધો

ટેકો=આધાર; આસરો

કાયમ=હંમેશાં

કદાપિ=કોઈવાર; કદાચ

તંગી=તંગાસ; ભીડ

મટી=દૂર થઈ; ટળી

સાર–આપણી બધી ઇંદ્રિયો સાજી છે માટે ઈશ્વરનો પાડ માનવો અને એ ઇંદ્રિયોનો સારો ઉપયોગ કરવો

પાઠ ૧૫.

વસ્તી=વાસો; રહેઠાણ

મશ્કરી=મજાક

નોતરૂં=જમવાનું કહેણ

રંગીત=રંગેલો

સુશોભિત=દેખાવડા

છાછરો=જરાક ઉંડો ને પહોળો

થાળ=મોટી થાળી

ચપચપ=ઝપઝપ

ખામી=ખાંપણ; ખોડ

ભાવ=હેત; પ્યાર

ભોળા=પાપ વગરના

આગ્રહ=કાલાવાલા

માન્યા વગર=કબુલ કર્યા વગર

ખાતર=બરદાસ

સાટું=બદલો

મોં મલકાવી=મોં હસતું રાખી

સ્વાદે=લહેજતથી

શરમાયું=લજવાયું

સાર–કોઇની મશ્કરી કરવી નહિ, જો આપણે કોઇની મશ્કરી કરીએ તો તે આપણી કરે.

પાઠ ૧૬.

સત્ય=સાચું

સતનું=સાચાનું

ચિંતન કરવું=વિચાર કરવો.

સત=સાચું

વાક્ય=શબ્દ; વચન

ઉચરવું=બોલવું

અસત્ય=ખોટું

જશથી=આબરૂથી

ઝળકીત=પંકાએલા; વખણાયેલા

જગે=દુનિયામાં

બીજ=બી

વૃક્ષ=ઝાડ

વિશાળ=મોટું

ગુણકારી=ફાયદાકારી

ફળ=પરિણામ; ફાયદો

આશ્રય=આશરો

છાંયતળે=છીળામાં

પરિતાપ=દુઃખ

વસે=રહે	દીપશે=પ્રકાશશે	સ્વર્ગ=દેવોનું રહેઠાણ
પ્રગટે=ફેલાય	આંચ=નુકસાન	રીઝો=ખુશી થાઓ
છળ=લુચ્ચો	કલેશ=દુઃખ	**સાર**-સત્ય બોલવાથી
દુષ્ટમતિ=નઠારી બુદ્ધિ	અનેક=ઘણાં	લાભ થાય છે; અને
ભય=બીક; બો	હરે=દૂર કરે; મટાડે	પરમેશ્વર ખુશ થાય છે.
હટે=નાશ પામે; જાય	સમું=સરખું; બરાબર	જુઠામાં જુઠો માણસ
જોગ=બનાવ; કારણ	અન્ય=બીજું	પણ એક દિવસમાં
છુપાઈ જશે=ઢંકાઇ જશે;	ખરે=નક્કી	જુઠા કરતાં સાચું
જાહેરમાં આવશે નહિ	અતિ=ઘણો; બહુ	વધારે બોલે છે, એ
છેવટ=આખર	વિશ્વપતિ=દુનિયાનો	ઉપરથી ઇશ્વરને સા-
ઉજાસ=પ્રકાશ	ધણી; પરમેશ્વર	ચુંજ ગમે છે એમ
ફરીને=બીજીવાર	રીઝશે=ખુશી થશે	સાબીત થાય છે.

સમજુતી—મનમાં સાચાનો વિચાર કરવો, અને નક્કી સાચું વચન બોલવું. કદાપિ ખોટું કામ કરવું નહિ, અને દુનિયામાં આબરૂથી પંકાયલા રહેવું. (૧) સત્યના બીજથી સત્યનું મોટું ઝાડ થશે; અને તેના લાભકારી સારાં ફળ મળશે, સત્યરૂપી ઝાડની નીચે માણસો આસરો લેશે. તેથી તેમના દુઃખો જતાં રહેશે અને બધાં સુખ મળશે. (૨) દુનિયાનાં બધાં કામ સત્યમાં (સત્યને આધારે) રહેલાં છે, માટે ખોટું કામ કરવાથી માણસ દુઃખમાં આવી પડશે. સત્યરૂપી સુરજનું તેજ ઘણું ફેલાય છે, તેથી કપટ અને નઠારી બુદ્ધિ (સત્યથી) બીકથી નાશ પામશે (જતી રહેશે) (૩) જેમ સુરજ કદી વાદળાંથી ઢંકાઇ જાય છે, તોપણ તે પાછો ફરીથી ખુલ્લો થઇ પ્રકાશે છે તેમ કદાચ કોઇ કારણથી સત્ય ઢંકાઇ જશે. (જાહેરમાં આવશે નહિ) તોપણ આખરે

સત્યનોજ પ્રકાશ થશે. મતલબ કે સત્ય ઉઘાડું પડશે. (૪) સાચને કદાપિ નુકસાન નથી. (સાચું બોલવાથી નુકસાન થતું નથી) તેમ તેનો નાશ પણ નથી. માટે હંમેશાં સાચું બોલીનેજ દુનિયામાં જીત મેળવવી. સત્ય ઘણાં દુ:ખ નકકી ટાળે છે, સત્યના જેવું જોર નકકી બીજું નથી. (૫) સાચામાં હંમેશાં ખરૂં સુખ રહેલું છે. સત્યથી પરમેશ્વર ઘણા ખુશ થશે. સત્ય વગર બીજો ધર્મ નથી. માટે સત્યથી જીતીને હંમેશાં સ્વર્ગમાં ખુશ રહો. (૬)

પાઠ ૧૭.

શિવાજ=ધારો; નિયમ
વર્તમાનપત્ર=છાપું; ચાલતા વખતની હકીકતનો છાપેલો કાગળ
બાંકડો=પીઠવાળી પાટલી
તંબુ=લુગડાનું ઉપાડી લેવાય એવું ઘર
સપાટ=ઉંચીનીચી નહિ તે
ભરવાડ=ઘેટાં ચારનાર
પાકાં=છો ઈંટના
મીલનસાર=મળતાવડા
પરોણાચાકરી=પરોણાગત
ભારી=બોજારૂપ
પૂજે છે=સેવા કરે છે
સાર=જરૂર વગરની ચીજો પાછળ ખર્ચ નં કરવો અને તેનો ઉપયોગ પરોપકારમાં કરવો

પાઠ ૧૮.

મોહરમ=જે મહીનામાં તાબુત નીકળે છે તે મહીનો
તાબુત=તાજીઆ
કૂંકડો=કૂકડ
વેશ=દેખાવ
વરખ=ધાતુના છેક પાતળા પતરાં
તારીફ=વખાણ
મરણતોલ=મરી ગયો હોય એવો
સ્થિતિ=હાલત; દશા
રડારોળ=ઘણું રડવું કકળવું તે
એકાએક=એકદમ
અચંબો=નવાઈ
દશા=સ્થિતિ; હાલત
ધ્યાનમાં=સમજણમાં
ઉપચાર=સારવાર; ઉપાય
સારવાર=ચાકરી; બરદાસ
પ્રસંગ=વખત; બનાવ
પરિણામ=ફળ; છેવટ
છિદ્રો=કાણાં
વાટે=રસ્તે
ઢીલ=વાર
મંદવાડ=રોગ; બિમારી
અકસ્માત=અણધાર્યો એકાએક બનાવ
વિદાય થયા=ગયા

પાઠ ૧૯.

ભાઈભાંડુ=ભાઈબેન
ઉપજ=પેદાશ
ઘરખરચ=રોટલા ખરચ
દુકાળ=મોંઘવારી; અનાજ પાણી મોંઘા મળે એવો વખત
પાક=ફાલ
કરકસર=ખપ જેટલું વાપરવું તે
ચરૂ=કડાંવાળો દેગડો
સોનામહોર=સોનાના સિક્કા
ઉતરે=ઓછો આવે
અઘાટ=ધણીપણાના હક સાથે; તમામ હક સાથે
ચુકાદા=ફેંસલા
નિર્ણય=ફેંસલો; ચુકાદો
પાક=પેદાશ

સાર—પ્રમાણિકપણે ચલાવાથી ઇશ્વર ખુશી થાય છે માટે પ્રમાણિકપણે ચાલવું

પાઠ ૨૦.

દિલ્હી=જમના નદીના કાંઠાપર શહેર છે.
પ્રખ્યાત=જાણીતા
પરાક્રમી=બહાદુર; શૂરા
શોખીન=કોઇપણ બાબતમાં આનંદ લેનાર
આસરો=મદદ
મોં ઉતરી ગયા=ઝંખવાઇ ગયા
ખજાનચી=ખજાનાનો ઉપરી; તીજોરીનો ઉપરી
ફટકા=સપાટા; નેતર કે ચાબુકના ઝપાટા
નિશ્ચય=ઠરાવ
ભાગીદાર=ભાગીઓ
ખુદાવંદ=મોટો માલીક (મોટા દરજ્જા વાળાને માટે બોલાય છે)
શરત=કબુલાત
હજુરમાં=રૂબરૂમાં
લાંચીઆ=લાંચ લેનારા
માનીતો=વહાલો

સાર—હકથી વધારે લેવાની ઇચ્છા રાખવી નહિ.

પાઠ ૨૧.

તોફાની=મસ્તીખોર
કાયર=હેરાન
આંકી=દામ દઇ નિશાની કરી
ફાટયો=જબરો થયો
માતેલો=ખાઇ પી જબરો થએલો
જબરો=જોરાવર
હાથ ચલાવવો=મારવું
ઘટતો=લાયક
પલક=જરાવાર
કચરી=ચગદી
યુકિત=તદબીર; કળા
નસકોરાં=નાકનાં બે કાણાં
તોબાતોબા=કાયર કાયર
ફુલાઇ ગયો=મગરૂર થયો
અહો=અરે
શબ્દ=બોલ; વચન
અભિમાની=અહંકારી

ઉતારૂં=કાઢું
સપડાયો=ફસાયો
હલકા મનનો=નીચ
નમ્ર=ગરીબ
માઠાં=ખરાબ
હલકો=તુચ્છ

સાર—કદી અહંકાર કરવો નહિ. અહંકારી માણસો ધારે કે મારા જેવો કોઇ નથી પણ શેરને માથે સવાશેર હોયજ.

પાઠ ૨૨.

સ્થાપન=મંડાણ; શરૂઆત
સવડ=સગવડ; સોઇ
ગોઠવણ=અંદોબસ્ત
બેપીઓ=કાસદ
લાભ=ફાયદો
સહજ=સહેલાઇથી
માનવાચક=માનનો અર્થ બતાવનાર
તીર્થરૂપ=તીર્થ જેવા પવિત્ર; (એ શબ્દ વડીલના નામની પહેલાં વપરાય છે.)
ચિરંજીવી=લાંબી મુદ્દત જીવનાર (આ શબ્દ છોકરાના નામની પહેલાં વડીલ વાપરે છે)
રાજમાન=જેને રાજ તરફથી માન મળતું હોય તે
રાજેશ્રી=જેને રાજ તરફથી પૈસા મળતા હોય તે
સૌભાગ્યવતી=પરણેલી સ્ત્રી કે જેનો ધણી જીવતો હોય તે સ્ત્રી
ગંગાસ્વરૂપ=એ શબ્દ વિધવા સ્ત્રીના નામની પહેલાં વપરાય છે.
નામઠામ=નામ ને ઠેકાણું
ક્રમવાર=એક પછી એક
સરનામું=નામ ને ઠેકાણું
ધ્યાનમાં=સ્મરણમાં
પત્તા=ઠેકાણું

પાઠ ૨૩.

સુલતાન=મુસલમાન પાદશાહ
શિકાર=જનાવરોને તાકીને ગોળી મારવી તે
અહેસાન=પાડ
માનું છું=ગણું છું
ખોરાક=ખાવાનું
હાજર કરૂં=રજુ કરૂં
ડોલચું=ડોલ જેવું નાનું વાસણ
ભાવથી=હોંસથી
શાંત=ઠંડો
વિનંતી=નમનતાઇથી કહેવું તે
જાગીર=ઇનામી જમીન; સરકાર તરફથી મળેલું ગામ કે જમીન
ઉમરાવ=અમીર
સાન=અક્કલ; સમજ
સંબંધમાં=વિષે
અંદેશો=શક; વહેમ
જાતે=પોતે
ઝવેરખાનાનો=કીમતી રત્નોનો
ઉપરી=અધિકારી
ઇલાજ=ઉપાય

ભંભેરવા=ખોટું સમજાવવા
સંતાઈ=છુપાઇ
ભિખારી=ભીખ માગનાર
સ્થિતિ=હાલત
ભેટયો=છાતી સાથે દાબ્યો
પ્રધાન=વજીર
ઇર્ષાખોર=અદેખા; ઝેરીલા
દેશનિકાલ=દેશપાર; દેશ બહાર કાઢી મૂકવું તે
સાર–માણુસની ચઢતી પડતી જીભ વડેજ થાય છે. જો આપણે નમનતાઇ વાપરીએ તો સામાનો પ્યાર મેળવીએ, માટે ઇર્ષા છોડી નમ્ર સ્વભાવ રાખવો કે જેથી ઉમરાવોના જેવા હાલ થાયનહિ

પાઠ ૨૪.

પંચ=પાંચ કે વધારેનું ટોળું
વાદવિવાદ=તકરાર
તુર્ત=તરત
દરબાર=કચેરી
નાર=માદા
ગણુના=ગણુતરી; કદર
વલવલે=ટળવળે
પય=દૂધ
વફાદાર=વિશ્વાસુ
ધાન=અનાજ; ખાવાનું
નીમક=અનાજ
હલાલ કરૂં છું=બદલો વાળી આપું છું
માન=આબરૂ
સેવા=ચાકરી
માનવી=માણુસ
ભાર=બોજો; વજન
મણુબંધી=ભારે; મણુના માપથી
બોજો=વજન; ભાર
બીન=વગર; વિના
તન=શરીર
તનતોડીને=ઘણું વૈતરૂં કરીને
હાર=પરાજય; હારવું તે
માલીક=ધણી
રસ્તો કાપું=મુસાફરી કરૂં
પીઠ=વાંસો; બરડો
દરકાર=પરવા
માર્ગ કાપવા=રસ્તો ઓછો કરવા; અંતર ઓછું કરવા
સફર=લાંબી મુસાફરી
મુજ=મારો
જળકાજે=પાણી માટે
જીવ લીએ=મારી નાખે
ક્રૂર=ઘાતકી; દયા વગરનો
અંબાડી=હાથી પર માંડવાની બેઠક
કેરો=નો
દીપે=શોભે; સારો દેખાય
શ્રેષ્ઠ=સૌથી સરસ; ઉત્તમ
પશુ=ચોપગાં જાનવર
સરદાર=ઉપરી
ન્યાય=ઇન્સાફ
નિર્દોષી=વાંક વગરનો; નિરપરાધી
તલ=જરા જેટલો; થોડો
ત્રાસ=બીક; ભય
તોય=તોપણુ
તલપે છે=તાકે છે; ધારેછે
માંસ=ગોસ

કસાઇ=ચંડાળ	ગજ=હાથી	કોપે=ગુસ્સે થાય; રીસે ભરાય
કર=હાથ	આશા=ભરોસો; વિશ્વાસ	કીરતાર=પરમેશ્વર; બનાવનાર
કાર બનું=કપાઇ જાઉં	અથડાય=અફળાય	સાર-પાળેલા જનાવરો પાસે ગજા ઉપરાંત કામ કરાવવું નહિ, અને પેટપુર ખાવાનું આપવું.
કુલ=બધો; તમામ	આશા પર અથડાય=ભરોસાપર રહે	
બોજ=બોજો	ખલક=જગત; આલમ; દુનિયા	
બ્યાપાર=વેપાર	દંડે=શિક્ષા કરે	
ઘડી=થોડો વખત	પીડતાં=દુ:ખ દેતાં	
કરાર=આરામ		
ખર=ગધેડો		

સમજુતી-ચોપગાં જાનવરોમાં એક વાંધો પડયો તેથી તેઓએ પોતે સામસામી સવાલ જવાબ કરવા માટે તરત કચેરી ભરી (ભેગાં થયાં) અને ત્યાં નર અને માદાં બેઠાં. **ગાય**-હું ગરીબડી ગાય મારા ગુણોની કદર કોણ કરે છે! મતલબ કે કોઇ નહિ. મારાં વાછરડાં બિચારાં દૂધ વગર ટળવળે છે અને દૂધ તો બીજાં ખાય છે. તોપણ જુલમનો પાર કયાં છે? (ટેક) (૧) **કુતરો**-હું વિશ્વાસુ વહાલું પ્રાણી ધણીનું અન્ન ખાઇને મનમાં ટેક રાખીને તેના ખાધેલા અનાજનો બદલો વાળી આપું છું, અને વળી રાત દિવસ સેવા પણ કરૂં છું. (ટેક) (૨) **ગધેડો**—બેવકુફ (અક્કલ વગરના) માણસ મને હસે છે, પણ સમજતા નથી કે ભાર કોણ ઉપાડે છે? ભારે વજન લાદે (પીઠપર ભરે) તોપણ વગર તકરારે હું ચાલું છું. પણ કહો કે માણસો મારો ગુણ કયાં જાણે છે? (ટેક) (૩) **ઘોડો**—હું શરીરે દુ:ખ વેઠીને ચાકરી કરૂં છું અને કદાપિ હાર (ખાવાનું) પણ ન ખાઉં; ધણીને પીઠપર બેસાડીને મુસાફરી કરૂં છું તોપણ કહો કે કોણ મારી કાળજી રાખે છે? (ટેક) (૪) **ઊંટ**—મુસાફરીમાં રસ્તો કાપવાનો હું ઘણી લાંબી મુસાફરી કરૂં છું;

તોપણ કોઇ ઘાતકી મુસાફર પાણીને માટે મને મારી નાખે છે (રણમાં પાણી નહિ મળવાથી મુસાફર પોતાનો જીવ બચાવવાને ઊંટને મારે છે કેમકે તેની પીઠપરના ઢેકામાં પાણી ભરેલું હોય છે) છતાં પણ મરતાં મરતાં હું પરોપકાર કરૂં છું. (ટેક) (૫) **હાથી**–રાજાની અંબાડીનો આધાર મારાપર છે (મતલબ કે મારા વડે અંબાડી શોભે છે.) મારા પગલાંથી સ્વારી સારી દેખાય છે, અને વળી દરબાર પણ શોભે છે. વળી પશુઓમાં હું મોટો સરદાર છું (મતલબ કે પશુઓમાં હુંજ મોટો છું,) (ટેક) (૬) **બકરો**—હું જરા પણ દુઃખ આપતો નથી, તોપણ માણુસ મારૂં માંસ ખાવાને તલપી રહે છે, તેથી હું ચંડાળના હાથે કપાઇ મરૂં છું. કહો મને બીન ગુનેગારને ઇન્સાફ ક્યાં મળે છે? (મતલબ કે મળતો નથી) (ટેક) (૭) **બળદ**—મારા જોરથી ખેડુત હળ-જમીન ખેડે છે, મારા પર આખી દુનિયાનો આધાર છે; હુંજ સ્વારી કે વેપારનો રોજનો ભાર ઉપાડું છું તોપણ મને જરા પણ આરામ મળતો નથી. (ટેક) (૮)

ગધેડો, બકરો, બળદ, હાથી, ઘોડો ને ગાય એ બિચારાં પ્રાણી બીજાના ભરોસા પર અફળાય છે. વિશ્વમાં નઠારાં કામને માટે જો કે સરકાર સજા કરે છે, તો પશુ પક્ષીને દુઃખ દેતાં પરમેશ્વર ગુસ્સે થાય નહિ? મતલબ કે થાયજ.

પાઠ ૨૫.

	ફોડયો=ભાંગ્યો	ગુનેહગાર=અપરાધી; કસુર કરનાર
ગુનો=કસુર	મા=નહી	
કબુલાત=કબુલ કરવું તે	બોલ મા=બોલ નહિ	નારાજ=નાખુશ
ધકેલો=હડસેલો	કસુર=વાંક; ગુનો	બીક=ભો; ડર
ફુટી ગયો=ભાંગી ગયો	અજાણે=અજાણતાં	ઉદાસ=દીલગીર
ફોડાવ્યા=કકડા કરાવ્યા	માનવી=કબુલ કરવી	સુખેથી=અડચણ વગર

હેઠે=નીચે
રૂએ=રડે
દોષ=વાંક; ગુનો; કસુર
સંતાડવા=છુપાવવા
ભૂલ=ચૂક
સહન કરૂં=ખમું; વેઠું
સદ્‌ગુણી=સારા ગુણવાળા
નીવડે=નીકળે

સાર—ગુનો કબુલ કરવાથી પરમેશ્વર ખૂશ થાય છે અને આપણા મનને ફીકર રહેતી નથી

પાઠ ૨૬.

બાળાઓ=છોકરીઓ
હોંસે હોંસે=ઉમંગથી
સારે રાગે=મધુર સ્વરે; મીઠે અવાજે
સીવણ=સીવવાનું
રંગબેરંગી=તરેહ તરેહના રંગના
ગળપટા=ગળે બાંધવાના પટા
લેખાં=મોઢે ગણવાના હિસાબ; મુખગણિત
ઘાટ=આકાર
પ્રદર્શન=સંગ્રહસ્થાન; નમુનેદાર ચીજો બતાવવા માટે એક ઠેકાણે ભેગી કરી રાખેલી તે
ગૂંથેલી=વળ દીધેલી
ચિત્રકામ=ચિતરવાનું કામ
તલ્લીન=મશગુલ; લીન; એક ચિત્ત
ખુબી=બલિહારી;ચમત્કાર
મહેતીજી=કન્યાશાળાની વડી સ્ત્રી શિક્ષક
લાયક=યોગ્ય
ગુણી=ગુણવાન
શિક્ષકો=આસિસ્ટંટો
વર્તે=ચાલે
સલાહસંપ=એકવિચાર; મળી સમજીને ચાલવું તે
શિક્ષણ=શિખવાનું કામ

સાર—છોડીઓને ભણાવવાથી તેમની અક્કલ ખીલે છે. માટે છોડીઓને ભણાવવી.

પાઠ ૨૭.

સંઘરો=સંગ્રહ
કુદરતનું=ઇશ્વરી શક્તિનું
અવલોકન=ધારીને જોવું તે; બારીક તપાસ
રાજધાની=રાજા જે શહેરમાં રહેતા હોય તે શહેર; રાજગાદીનું શહેર
ઇમારતો=ઉંચી બાંધણીનાં ઘરો
કિલ્લો=ગઢ
રચના=બનાવટ; ગોઠવણ
બાંધણી=બાંધકામ
ખાણો=અનાજ ભરી મૂકવા માટે જમીનમાં જે ખાડા ખોદેલા તે
જાર=જુવાર
ખાનગી=પોતાની
સળી=સડી; જીવાત પડી
ભુકરો=રેતી; એક જાતનો પોચો પથ્થર
ગંજી=ઘાસનો ઢગલો
અગત્યની=જરૂરની

આગગાડી=દેવતા અને પાણીના બળથી (વરા-જથી) ચાલતી ગાડી
સાધન=વસ્તુઓ
પુષ્કળ=ઘણું
ધાણ્ય=અનાજ
નાણું=પૈસા
દ્રવ્ય=પૈસા
હરકત=અડચણ
સંગ્રહ=સંઘરો; એકઠું કરવું તે
અવારનવાર=ફરતાફરતી
સંઘાત=સાથ

સાર-પૈસા બચાવ્યા હોય તે ઘડપણના વખતમાં ખપ લાગે છે, માટે દરેક માણસે પૈસાનો સંગ્રહ કરવો જોઇએ.

સમજુતી-જુઓ કે જંતુની જાતમાં કીડી પણ અનાજ એકઠું કરે છે, અને બધી સાથે મળીને હંમેશાં હળી મળીને દરમાં રહે છે.

પાઠ ૨૮.

પરબ=મુસાફર લોકોને મફત પાણી પીવાનું ઠેકાણું
વારાફરતી=એક પછી એક
કઠિઆરા=લાકડા ફાડનાર; લાકડા કાપીને વેચનાર
વળેલો=વળગેલો
ખરો તડકો=સખત તાપ
વિસામો=આરામ
ધર્માદા=દાનમાં આપી દીધેલું તે
દસશમોભાગ=દસ ભાગ માંનો એક ભાગ
આશીવાદ=આશિષ; દુવા
ટાળવામાં=મટાડવામાં; દૂર કરવામાં [એવું
મનોહર=મનને રાજી કરે
શીતળ=ટાઢી; ઠંડી

સાર—જે કાંઇ પેદા કરવું તેમાંથી દસમો ભાગ ધર્માદાના કામમાં ખરચવો "ધર્મે જય અને પાપે ક્ષય."

પાઠ ૨૯.

વળગ્યો=લાગ્યો; બાઝયો
તર્ક=મનસુબો; વિચાર
શેખચલ્લી=ખોટા વિચાર કરનાર; માણસનું નામ
પાર=છેડો; અંત
ઠરાવી=નક્કી કરી
ઘાડવો=ઘી ભરવાનું માટીનું વાસણ
તરંગ=ખોટા વિચાર
ધુણાવી= હલાવી
ઠપકો=ગુનાના બદલામાં કડવા શબ્દ કહેવા તે
ઘર ભાંગ્યું=ઘરબાર વગરનો થઇ ગયો
નકામા=ફોકટ
ગાળી નાખ્યા=ગુમાવ્યા
હુદ્યમે=ધંધે; કામે
માફક=પેઠે
ચેતવ્યો=સમજાવ્યો

સાર-આપણા ધંધા સંબંધીજ વિચારો કરવા, એકદમ પૈસાદાર થઇ જવાના વિચાર કરવા નહિ.

પાઠ ૩૦.

પતંગ=કનકવા
છેક=તદ્દન
ફરીથી કરો=બીજીવાર કરો, મતલબ હરકોઇ સારૂં કામ પુરૂં ન થાય ત્યાં સુધી ફરી ફરીને કરવું.
ચઢાવવા=ઉડાવવા
સપાટો=જોસ
ગોથું ખાઇ=ઉંધો થઇ
કાયર થવું=કંટાળવું
પ્રયાસ=યત્ન; મહેનત
આસમાન=ગગન
ટપકા=ડાઘા
વીંટવા=લપેટવા

સાર–શરૂ કરેલું કામ પુરૂં ન કરીએ તો કરેલી મહેનત નકામી જાય, અને લોકમાં મજાક થાય; માટે હરકોઇ કામનો આરંભ કરતાં પહેલાં વિચાર કરવો, કે એ કરવું વાજબી છે કે નહિ; અને વાજબી લાગે તોજ આરંભ કરવો; અને આરંભ કર્યો તો તે કામ પુરૂં કરવુંજ. વચ્ચેથી અધૂરૂં મૂકી છોડી દેવું નહિ. જે માણસ આ પ્રમાણે કરતો નથી તે બાયલો કહેવાય છે.

પાઠ ૩૧.

ડોલે=હાલે
તરુવર=મોટું ઝાડ
ઝુલાવે=હિંચોળે; હલાવે.
પાન=પાંદડાં; પાંતરાં
ગાન=ગાયન
ધ્યાન ધરતાં=ઇશ્વરને પોતાના મનમાં આણતાં
કલ્લોલ=મજા; આનંદ
સાથ=સાથે [કહે
પડદો ખોલે=મનની વાત
ચૂસે છે=શોષે છે
ફૂલરસ=ફૂલમાંનો રસ
ઘાટે=ઓવારે; કિનારે
જળઘાટે=નદી કે તળાવ કાંઠે
નીજ=પોતાના
વાટે=રસ્તે [પોઢે=સૂએ
માળ=માળામાં
જપતાં=ઠરીને બેસતાં
મળસ્કે=સવારે; પરોઢીએ
ધાય=દોડે
વનફળ=વનેમાંના ફળ
ઝૂલે=હાલે [હના
ભલી ભાતના=સારી તરે-
વિધવિધ=જુદી જુદી
દીનાનાથ=ગરીબનો ધણી; પરમેશ્વર
મધુરો=મીઠો
ધરી=રાખી
નિર્મળ=ચોકખું; મેલ વગરનું
ઠરે=નિરાંતે બેસે
ભલી ભાતે=સારી રીતે
હઠાવી=હરાવી; હંફાવી
હઠાવી દીએ=હરાવે
મેળવાય=પેદા કરાય
રાજ અ[illegible]=રાજ સત્તા
વશ=તાબે
વિપત્તિ=દુઃખ; આફત

વેરાઇ જાય=જતું રહે	અપાર=ઘણોજ	સને કંઇ પણ અઘરૂં
કામધેનુ=ઇચ્છેલું આપ-	પમાય છે=મેળવાય છે;	નથી. ઉદ્યમ કરવાથી જે
નારી ગાય	પેદા કરાય છે	જોઇએ છે તે મળે છે;
ચિંતવ્યા=ધાર્યા	સાર-ઉપોગી માણુ-	માટે ઉદ્યમ કરવો.

સમજુતી–મોટા ઝાડની ડાળીઓ હાલે છે, પવન પાંદડાં હલાવે છે. શોભાયમાન પક્ષીઓ મધુર ગાયન ગાતાં ઊડે છે. (મતલબ કે કલોલ કરે છે) પક્ષીઓ મધુર ગાયન ગાતાં, પરમેશ્વરનું ધ્યાન ધરતાં, જંગલમાં ચેનબાજી કરતાં અને હંમેશાં ખુશીમાં ફરતાં, ટાળામાં હળી મળીને રહેતાં (એક બીજાને) મનની વાતો રહે છે. સુખીઆં પક્ષી હંમેશાં ઝાડ અને મોટા ઝાડની ડાળી પર ડોલે છે. (૧) કોઇ જંગલના ફળ ખાય છે, કોઇ દાણા ખાતાં જાય, કોઈ ફૂલમાંનો રસ ચૂસે છે અને કોઇ લીલોતરી ખાય છે. કોઇ લીલોતરી ખાય અને પાણી ઓવારે દોડી જાય, બધાં પક્ષીઓ સાથે નહાય અને પછી પોતાને રસ્તે પાછાં ફરે, સાંજે માળામાં બચ્ચાંને સુખે બેઠેલાં જોઇ સૂએ છે. સવાર થતાં પહેલાં ઊઠીને દોડે છે અને કોઈ જંગલમાં ફળ ખાય છે. (૨) સારી રીતે ઝૂલતાં ફળ અને જુદી જુદી જાતનો મેવો પરમેશ્વરે આપ્યો છે, તે બધાં પંખીઓ હેતથી ખાય છે. વળી પરમેશ્વરે ખેતરમાં પુરેપુરો પાક આપ્યો છે, તે મીઠો માલ મંડયા રહીને ખાય તોપણ ખૂટે નહિ એટલો છે. તે ખાઇને હંમેશાં સંતોષ રાખીને દરરોજ ચોકખું પાણી પીએ છે. અને પોતાને ઠેકાણે આવીને નિરાંતે બેસે છે. ફળો સારી રીતે હાલે છે. (૩)

ઉદ્યમ વિષે.

મહેનતથી માણસ એકલો હોય તોપણ હજાર માણસોને પાછળ પાડે છે. મતલબ કે પોતે આગળ પડે છે. મહેનતથી મરજી મુજબ

પૈસા અને અનાજ મેળવી શકાય છે. મહેનતથી રાજાની પદવી લેવી હોય તો તે કંઇ આઘે નથી. મતલબ કે તે પણ મેળવાય છે. મહેનતથી દેવ અને રાક્ષસ તાબે કરી શકાય છે, મહેનતથી આપદાઓ તુરત જતી રહે છે. મહેનતુ માણસો ધૂળમાંથી પણ સોનું શોધી કાઢે છે. અરે બાળક! મહેનતને ઇચ્છેલું ફળ આપનારી ગાય જાણ; મહેનતથી ધાર્યા મુજબ ઘણો લાભ મેળવાય છે. (૧) **સાર**—આળસ છોડી મહેનત કરવી.

પાઠ ૩૨.

સેવા=ચાકરી
બદલામાં=સાટામાં
ભોગવટો=વાપર
વંશપરંપરા=છોકરાંના છોકરાં; પેઢીધર પેઢી
સાંતી=હળ
સાંતીની જમીન=ખેડવા લાયક ભોંય
ઉંચા પ્રકારની=સારો પાક ઉતરે એવી; ફળદ્રુપ; રસાળ
પ્રકાર=વર્ગ; જાત
નાનપણથી=બચપણથી
લાડ=વહાલ
ઉછરેલો=મોટો થએલો
ધ્યાન=ચિત્ત; મન
સાથી=મદદગાર; ખેતીને માટે રાખેલો નોકર
મહેનતુ=ઉદ્યોગી
પુંજી=દોલત
ઇચ્છતા=ચાહતા
અર્થ=મતલબ; સાર
ડહેલી=મોટા દરવાજાવાળા ઘરનું ભોયતળીઉં
ભરોસો=વિશ્વાસ
મહેનત=મજુરી
મેઘ=મેહ; વરસાદ
નજર=તપાસ; દેખરેખ
ખાતરી=ભરોસો; પતીજ

સાર—આપણા કામનો ભરોસો નોકરપર રાખવો નહિ. પણ નોકરો કામ કરે છે કે નહિ તેની તપાસ રાખવી.

પાઠ ૩૩.

બેનપણી=સહીઅર; સખી
પિડાય=દુઃખી થાય
ગંદું=ગોબરું
પગ મૂકવાનું=આવવાનું
મન=ઇચ્છા; મરજી
મંદવાડ=રોગ; બિમારી
ગંદકી=ગંદવાડ
મૂળ=બી; બીઆં
નીરોગી=રોગ વગરના
જંતુ=જીવડાં
પાકે છે=પેદા થાય છે
ખુણે ખોચરેથી=ખુણામાંથી
વાળી નાખીએ=સાફ કરીએ
શ્વાસવડે=દમ લેવાથી
ખુલ્લાં=ઉઘાડાં

સુધરતી=સ્વચ્છ થતી
નાશ પામે છે=જતા રહે છે
બિનાશ=ભેજ
ઢોળી=રેડી
મેલું=ગંદું
ટાઢીઓ તાવ=મલેરીઆ તાવ; નઠારી હવાને લીધે જે તાવ આવે છે તે
ઝીણો તાવ=હાડનો તાવ (એ તાવથી શક્તિ ઘણીજ ઓછી થાય છે)
લકવો=એક જાતનો રોગ; એથી શરીરનો કોઈ ભાગ જુદો પડી જાય છે.
જાજરૂ=સંડાસ
મોરી=નીક; ગટર
ઝાડીઝુડી=ઝાડીઝપટી
દુર્ગંધ=ખરાબ વાસ
તદ્દન=બીલકુલ
ખુલ્લી રીતે=સમજ પડે એવી રીતે

સાર–ઘર, વાડા વગેરે દરેક ચીજ ચોક્ખી રાખવી

પાઠ ૩૪.

ઉંચા=સારા
પ્રાણ=જીવ
વૃદ્ધ=ઘરડો
પાટવીપુત્ર=મોટો છોકરો
નિશ્ચય=ઠરાવ
સમાચાર=ખબર
અદેખાઇ=ઝેર
ઉથાપશે=ફેરવશે
સંદેહ=શક; વહેમ
વરદાન=માગેલું આપવું તે
લેણાં=માગતાં
વનવાસ=જંગલમાં રહેવું તે
હઠ=જીદ; જક્ક
અણસમજુ=વગર વિચારના; મૂર્ખ
શોક=દીલગીરી
દેહમૂક્યો=મરણ પામ્યો
ધિક્કાર=તિરસ્કાર
ઠરાવ=નિશ્ચય

સાર–"સોબત તેવી અસર" હંમેશાં સારાની સોબત કરવી. કામ કરતાં પહેલાં શું ફળ આવશે એ બાબતનો વિચાર કરવો કે જેથી પાછળથી પસ્તાવું પડે નહિ

પાઠ ૩૫.

ટોળું=જથો
હાથ=બે વેંત જેટલી લંબાઇ
ધરી=પકડી; ઝાલી
સરણાઇ=પીપી
નટ=સ્ત્રી વગેરેનો વેષ લઇ ઘણા ખેલ કરનાર
અંગ કસરત=શરીરની કેળવણી
ગુલાંટ=ગોલાંટ
ચક્કર ચક્કર=ગોળ ગોળ
ચમકે છે=ઝળકે છે
ઝબકારા=ચમકારા
શાબાશ=ધન્ય
દરકાર=પરવા
જીવની દરકાર રાખતાં નથી=મોતની બીક રાખતા નથી
સ્થિર=હાલ્યા વગર

સફાઈ=ચાલાકી
ખેલ=રમત
ચમત્કારવાળા=અચરત પમાડે એવા
નજરબંધી=જાદુથી જોનારની આંખ ભૂલાવવામાં નાખવી તે
ખુબીદાર=વખાણવા લાયક; ચમત્કારી
કસરત=શરીર કસવું તે
ગુજરાન=ગુજારો; પોષણ

સાર—અંગકસરતથી શરીર કસાય છે માટે નાનપણથી કસરત કરવાની ટેવ રાખવી.

પાઠ ૩૬.

ગ્રીષ્મઋતુ=વૈશાખ અને જેઠ મહીનો; ઉનાળો
મહિમા=મોટાઇ
નીરખી=જોઇ
શીતળ=ઠંડા
કોકિલા=કોયલ
ટહુકા=કોયલના બોલ
ધરતી=જમીન
તપતી=ગરમ થતી
સુગંધ=સારી વાસ
મોર=આંબા, આમલીનાં ફૂલ
વસંત=વસંત ઋતુ; જુલાઇ ને આગષ્ટ માસ
ભમતી=રખડતી
ફળી=પાકી
લલચાય=લોભાય
જનો=માણસો
લહી=જોઇ
ભલી=સારી
ભલી લીલી=લીલીછમ
અતિ=ઘણો
શાખ=ઝાડપર પાકેલી કેરી
રસદાર=રસવાળી
સુકેસરી=સારા કેસરીઆ રંગની
ચિત્ત=મન
હરતી=ખેંચતી
ઠરતી=રહેતી
દીલમાં ઠરતી=યાદ રહેતી
પ્રવેશ કરીને=આવીને
ઉકળાટ=ઘામ
ધરે છે=કરે છે
વનેવન=જંગલે જંગલ
આમ્ર=કેરી
આમ્રતરૂ=આંબો
વાસ કરૂં છું=રહું છું
ચિત્ત હરૂં છું=મન ખેચું છું
શ્યામ=કાળા
પરખાઉં=ઓળખાઉં; જણાઇ આવું
કોમળ=નાજુક
કંઠ=સાદ; સુર
સંગીત=ગાયન
સૂર=અવાજ
ગજાવું=ગજવી મૂકું
રૂપેરી=રૂપાના જેવો સફેદ
દીપે=શોભે
મધુર=સારો
કળી=ખીલ્યા વગરનું ફૂલ
ફૂલેલ=ખીલેલી
વેલમાં=વેલામાં
અંગમાં=શરીરમાં
અનેક=ઘણી
પાંખડી=પાંદડી
પ્રસારી=ફેલાવી

ઝારીરૂપ=ઝારીના જેવો	શરૂઆત	બટમોગરો=એક જાતનો સુગંધીદાર મોટો મોગરો
પ્રફુલ્લ=ખીલેલો	કોકિલ=મધુર	રસીલી=મજા આપનારી
ગ્રીષ્મનો બાળ=ગ્રીષ્મની	ભારી=ઘણો	

સમજુતી—પરમેશ્વરની મોટાઇ અમે ગ્રીષ્મઋતુમાં જોઇ. ઝાડની ઠંડી છાયા ને ફૂલ ફળને ખુશીથી હાલતાં જોયાં. (૧) કોયલ મીઠા સ્વરથી બોલતી હતી, તેથી આ આંબાનું ઝાડ સારૂં દેખાય છે. જમીન ગરમ થતી જાય છે અને મોગરામાં સારી વાસ ભરે છે. (૨)

આંબો—જંગલમાં અને ઝાડોમાં રમતી અને ખુશ થતી વસંત ઋતુ મને (આંબાને) મોર આપીને રખડતી રખડતી ગઇ. પછી ગરમીની ઋતુ થઈ એટલે આંબાપર બહુ સારી કેરી આવી, તેને સારી લીલીછમ જોઇને માણસો તે લેવાને લોભાય છે. (૧) એ ઋતુમાં ઘણો તાપ પડે છે, તેથી કેરીની મજા મનમાં રહેતી. (૨) **કોયલ**—જુઓ આ ગરમીની ઋતુ ધામ કરે છે. તેથી પક્ષી ઊડીને જંગલે જંગલ ફરે છે. હું (કોયલ) ટહુકાથી માણસનું મન મારા તરફ ખેંચું છું. મારૂં રહેઠાણ આંબાના ઝાડપર છે. હું મારા કાળા રંગના શરીરથી ઓળખાઉં છું અને મારા મધુર સાદ વડે વખણાઉં છું. હું ગાયનના સૂર સમજાવું છું, અને મનને મોહ પમાડે એવો બાગ ઘણો ગજાવી મુકું છું. (૨) **મોગરો**—જુઓ આ બાગ સફેદ મોગરાના ફૂલથી રૂપેરી હોય એવો શોભે છે વેલાઓમાં ખીલેલી કળીઓ છે, તેથી શરીરમાં સારી વાસ ભરાય છે હું ઘણી પાંખડીઓ ફેલાવી ઝારીના જેવો બન્યો છું. બધા લોકોએ મને ગ્રીષ્મનો ખીલેલો બાળક ગણ્યો છે.

આંબો, કોયલ અને મોગરો એક હારમાં ગાય છે.


આંબો—કેરી રસદાર હોય તેજ સારી

કોયલ—હું ઝીણા સ્વરને લીધે ઘણી વખણાઉં છું.

મોગરો—બટ મોગરાની મીઠી સુગંધ છે.
બધાં કહે છે અમે સારી અને શોભિતી ગ્રીષ્મ ઋતુ જાણી.

પાઠ ૩૭.

ઉપજાવે=પેદા કરે
મડમ=ગોરા લોકની સ્ત્રી
પાદરી=ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ કરનાર
બોધ=ઉપદેશ
દેવળ=દહેરૂં
કુશળ=હોશિયાર
શરૂ કર્યું=કરવા માંડયું
કાટખુણો=બાંધકામમાં ઉપયોગી લાકડાનું કે લોઢાનું ઓજાર



વખત ન લગાડ=ઢીલ નહિ કર
ઓજારો=હથિયારો
ભીલ=જંગલમાં રહેનારી અનાર્ય જાત
પોકારવા=બૂમ પાડવા
સાર—અભણ માણસ ભણેલાને જાદુગર જેવો સમજે છે તેથી હંમેશાં તેને તાબે રહે છે; માટે દરેક માણસે વિદ્યા મેળવવાને પ્રયત્ન કરવો

પાઠ ૩૮.

ભાટ=કવિતા બનાવી ખરા ખોટા વખાણ કરનારી એક જાત
બહાદુરી=પરાક્રમ
પારડી=સુરત જિલ્લાની દક્ષિણમાં કસ્બો છે.
વલસાડ=પારડીની ઉત્તરમાં કસ્બો છે.
ઓળંગી=વટાવી
વહેણ=પાણીનું વહેવું તે; પ્રવાહ
ખંડેર=ભાંગેલી ઈમારત
હજી=હાલ સુધી
ટોચ=ઉપલો ભાગ;મથાળું
સપાટ=ઉંચી નીચી નહિ તે
શિખર=ટોચ
મુશ્કેલ=અઘરૂં
ચઢાવ સીધો હતો=ચઢવાનું સીધું હતું
કુંડ=છોથી બાંધેલો ઝરો
બુરજ=કિલ્લાનો ઉંચો ગોળ ચણેલો ભાગ
પ્રવાહ=રેલો; વહેણ
તળેટી=પર્વતના મૂળ આગળની જગા
ખીણ=બે પહાડ વચ્ચેની નિચાણ જગા
હાર=ઓળ
પગથા=પગે ચાલતાં પડેલો રસ્તો
રમણીય=મનોહર; સુંદર
સપાટાબંધ=જલદી
નકશો=ગામ, દેશ, કે શહેરનો ચિત્રેલો નમુનો
આકૃતિ=ઘાટ; આકાર
નમુનો=નકલ

સાર—અવલોકન કરવું અને પછી તેવો ઘાટ બનાવવો કે જેથી જોએલું બરાબર ધ્યાનમાં રહે.

સવાલ—પ્રહ્લાદ શું ધંધો કરતો હતો ? વલસાડથી પારડી કઈ દિશામાં છે ? વલસાડથી પારડી જતાં રસ્તે કઇ નદી આવે ? પારનેરાના ડુંગરના શિખર પર ચઢીને તેમણે શું જોયું ? પારડી આવી તેઓએ શું કર્યું ?

પાઠ ૩૯.

બોડા=ઝાડપાન વગરના
બેખડો=પત્થર કે માટીનો મોટો ઝુલતો ભાગ
દેવસ્થાન=દહેરૂં
સારી=ફળદ્રુપ; રસાળ
દેવકી ઉનાઈ=સુરત જિલ્લામાં વાંસદાની પાસે ઉના પાણીનો કુંડ છે તે ગામ
પીગળેલો=ગરમીથી પ્રવાહી રૂપ થએલો
પડ=પોપડો
ઉપસી=ફુલી; ઉંચી થઇ
ઉપસેલો=ઉંચો આવેલો
ઉપયોગી=જરૂરનું

સાર—આ પાઠથી કુદરતનું ભાન થાય છે

સવાલ—ગુજરાતમાં મોટો પર્વત કયો છે ? આબુથી બીજા નાના પહાડ કયા કયા છે ? ટેકરો, ડુંગરી, ડુંગર, પર્વત, તળેટી અને ખીણ એટલે શું તે સમજાવો. નવી જમીન શી રીતે બને છે ? કયા પર્વત પર બંગલા, કિલ્લા, દહેરાં બાંધી શકાય ? ઉનાઇ, તુળસીશ્યામ એ કુંડમાં ઉના પાણી શાથી હશે ? પર્વતો ને મેદાનો કેમ થયાં તે સમજાવો, મેદાન અને ડુંગરોનો ઉપયોગ કહો.

પાઠ ૪૦.

ફરફર=બારીક ટીપાં; બુંદ
મેળાપ=મુલાકાત
વહેળો=નાની નદી
ધોધ=ઉંચેથી જોસબંધ નીચે પડતું નથી
શકિત=બળ
પચી જાય છે=નીચે ઉતરી જાય છે; સમાઇ જાય છે
ખડક=પાણીમાંના ટેકરા
ઘસડી=તાણી
બેટ=ચારે બાજુ પાણી ને વચમાં જમીન હોય તે
મુખ=નદી દરીઆને મળે છે તે જગા
ચમકારા=ઝબકારા
સરિતા=નદી
તરુ=ઝાડ; વૃક્ષ
નીરે=જળથી
તીરે=કાંઠે

ચિત્રવિચિત્ર=જાત જાતનાં; તરેહ તરેહનાં	કિનારે=કાંઠે ચરતાં=ઘાસ ખાતાં	નિશ્ચય=નક્કી પિછાણીએ=સમજીએ

સમજુતી—સ્વચ્છ પાણીની ભરેલી સારી નદી, તેને કાંઠે ઉગેલાં નાનાં મોટાં ઝાડો, નદીમાં જુદા જુદા રંગના ગમ્મત કરતાં માછલાં અને લીલુંછમ ઘાસ કિનારા પર ચરતાં પશુઓ જુઓ. બધા શહેરનો દેખાવ નક્કી નદીથીજ સમજવો. નદીથી નાહાવાનું, ધોવાનું, પાણી પીવાનું મોટું સુખ સમજવું.

સવાલ—વરસાદનાં પાણીનાં ટીપાં શું શું કામ કરે છે? નદીનો ઉપયોગ કહો. નદીના મુખ આગળની અને મૂળ આગળની જગમાં શો ફેર છે. સરોવર શી રીતે બનતા હશે? સરોવરમાં કેવાં પાણી હોય છે? ક્યા સરોવરનું પાણી ખારૂં હોય છે? ગુજરાતમાં મીઠા પાણીનું સરોવર કયું છે અને ખારા પાણીનું કયું છે? તળાવનું પાણી કેવું હોય છે?

પાઠ ૪૧. ખલાસી=વહાણ હંકારવાનો ધંધો કરનાર. બહોળો=ઘણો મોટો	ખાર=ખારો ભરતીઓટ=નદી, ખાડી કે દરીઆમાં પાણીનું ચઢવું તે ભરતી, ને	ઉતરી જવું તે ઓટ મોજાં=છોળો કોડાંઓ, શંખલા, છીપો } =પ્રાણીઓને રહેવાનાં ઘર

સવાલ—સમુદ્રનું પાણી ખારૂં શા માટે હોય છે? સમુદ્ર કેટલો ઉંડો હોય છે? નદીનું પાણી શા માટે મીઠું હોય છે? સમુદ્રમાં મોજાં શાથી થાય છે? સમુદ્રનું પાણી રાતું, ભુરૂં, પીળું દેખાવાનું કારણ શું? દરીઆમાં રેતી ક્યાથી આવતી હશે? દરીઆમાં શું શું પાકે છે?

પાઠ ૪૨. હજીરા=તાપી નદીના મુખ આગળ હવા	ખાવાની જગા મછવો=નાની હોડી ભૂગોળ=પૃથ્વીનો ગોળો	ટંડેલ=વહાણ ચલાવનારો મોટો ખલાસી; સારંગ માહીતી=ખબર

ભૂગોળ વિદ્યા=પૃથ્વીના ગોળા વિષેની વિદ્યા
પુરતી=જોઇએ તેટલી
મગીઆ=મગ જેટલી
નિશાન=એંધાણી
ભૂશિર=જમીનની અણી લાંબી વધીને દરીઆમાં ગએલી હોય તે
અખાત=સમુદ્રનો ફાંટો લાંબો વધી જમીનમાં ગએલો હોય તે
ઉપસાગર=પહોળા મોંનો અખાત
કાંપ=પાણીમાં ધસડાઇ આવેલો કાદવકચરો; ચગુ
બાઝે=ઠરે
દ્વીપકલ્પ=જેની ત્રણુ બાજુ પાણી ને એક બાજુ જમીન હોય તે
ક્રિયા=કામ
સામુદ્રધુની=બે મોટા પાણીના ભાગને સાંધનારો પાણીનો નાનો ભાગ

સવાલ—હજીરો ક્યાં છે ને શાને માટે પ્રખ્યાત છે? દરીઆ વિષે થોડીક વાતો કહો. ભૂશિર, અખાત અને ઉપસાગર એટલે શું તે સમજાવો. બેટ શી રીતે બનતા હશે? દ્વીપકલ્પ એટલે શું? કઇ ક્રિયા સમુદ્ર કિનારે હંમેશાં થયા કરે છે? સામુદ્રધુની એટલે શું તે સમજાવો.

પાઠ ૪૩.

કારીગર=સુથાર, લુહાર કુંભાર, વણકર વગેરે કારીગરી કરનાર
દેશાઇ=જાગીરદાર; વતનવાળો
વસવાયાં=સુથાર; લુહાર વગેરે ગામની વસ્તીનું કામ કરનાર લોક
આરા=પૈંડાની વચમાંના ફરતાં લાકડાના કકડા
વાંસલો=સુથારનું લાકડા ઘડવાનું ઓજાર
ટકાઉ=મજબુત
ધમણ=વા ફુંકવાનો સંચો
તણખા=સળગતી ચણગારી
ચોપાસ=ચારે બાજુ
વાટ=લોઢાનો ગોળ પાટો
સજજડ=સખત
ચાકડો=પૈડા જેવું કુંભારનું ઓજાર
લોંદા=લચકા
કોસ=ગાઉ
ફાળકો=કામડીના જે ધાટ પર કાંતેલું સુતર વિટાળવામાં આવે છે તે
તાંતણા=તાર
તાણાવાણા=વણવાની સાળપર જે ઉભા દોરા રાખવામાં આવે છે તે તાણા અને આડા દોરા રાખવામાં આવે છે તે વાણા
ખાદી=દોટી
ખોળીઉં=ગોદડાનું પડ
જાજમ=પાથરવાનું રંગીત બિછાનું

સવાલ—ગાડાં અને હળમાં શાનું લાકડું વાપરે છે અને તે લાકડું વાપરવાનું કારણ શું? લુહારને ત્યાં શું જોયું? કુંભારને ત્યાં તેઓએ શું જોયું? ઢેડવાડામાં ઢેડા શું કરતા હતા? શણનું શું બને છે? ગામડામાં વસવાયાં લોકો કયા કયા ધંધા કરે છે?

પાઠ ૪૪.

ગામ=જેમાં થોડાં ફળીઆં ને થોડાં ઘર હોય તે
શહેર=જેમાં છોબંધ ને હારબંધ ઘરો ને સારાં સારાં બજાર હોય તે
છુટ્ટી=રજા
ગિલ્લીદંડા=મોઇદંડો
દંડો=ગિલ્લી ઉડાડવાની એક હાથની લાકડી
તાલુકો=પરગણું
વળવાનો=ફરવાનો
દહાડો વળવાનો=ફાયદો થવાનો
રોજો=કબર ઉપર બાંધેલું મકાન
મસીદ=નિમાજ પડવાનું ઠેકાણું
કોતરકામ=પત્થર કે લાકડામાં કોરેલું ચિત્રકામ
ટપાલ ઓફિસ=પોસ્ટ ઓફિસ
બજાર=હાટ
કારીગરી=કીસબ; બનાવટ; હુન્નર
વરાળયંત્ર=વરાળના જોરથી ચાલતો સંચો

સવાલ—ગામ અને શહેરનો તફાવત સમજાવો. અમદાવાદ કયાં છે, શું છે, અને શાને માટે પ્રખ્યાત છે?

પાઠ ૪૫.

મુખી=પટેલ
કચેરી=ઓફિસ
તગાવી=સરકારે ખેડુતને ધીરેલાં નાણાં
મહેસુલ=જમીન ખેડવા બદલ સરકારને ભરવાના રૂપીઆ; જમીનવેરો
હદ=સીમા; મર્યાદા
ફેરણીકારકુન=તાલુકાના ગામની સીમમાં ફરનાર કારકુન
હવાડો=કુવા નજીક ઢોરને પાણી પીવાને માટે બાંધેલી કુંડી
દુરસ્ત કરાવવું=ભાંગેલું સમરાવવું
ઓવરશીઅર=બાંધકામ ખાતાનો અમલદાર
ફોજદાર=તાલુકાની પોલીસનો ઉપરી
મુકરદમો=કેસ
સાક્ષી=જુબાની
અવલકારકુન=મામલતદારના હાથ નીચેનો પહેલો કારકુન; થર્ડ કલાસ માજીસ્ટ્રેટ

જમાદાર=એ ત્રણ ગેટનો ઉપરી
ખૂટતા=ઓછાતા
રજુ=હાજર
સખ્તી=જોરજુલમ
પગાર=દરમાયો
નાયક=સિપાઇની ટોળીનો ઉપરી
તિજોરર=તિજોરીનો ઉપરી
રસીદ=પહોંચ; પાવતી
કોથળી=થેલી
કારકુન=લખવાનું કામ કરનાર
ખત=દસ્તાવેજ; લેખ
હવાલદાર=પોલીસ પટેલના હાથ નીચેનો હલકા પગારનો સિપાઇ
નોંધવાનું=લખી લેવાનું
દવાખાનું=ઇસ્પિતાલ
છરી=શીતળા કાઢવાનું ઓજાર
શીતળા=સેવડ; બળીઆ
કાચતો=કાણાં પાડતો
ચેપ=પરૂ; રસી

સવાલ—કુબેરદાસ ક્યાં જતા હતા? તેમની સાથે કોણ ગયું? મુખીએ કોને સલામ કરી? મામલતદારે શી શી વાત પૂછી? કુબેરદાસે શું જવાબ આપ્યો? ફોજદાર, ઓવરસીઅર અને તિજોરરનાં કામ કહો. વેચાણ, ગીરો ખત કયું ખાતુ નોંધે છે? કુબેરદાસ દવાખાનામાં શું કરવા ગયા હતા? અને ત્યાં કોની સાથે વાતચીત થઇ?

પાઠ ૪૬.

તાલુકો=ઘણાં ગામ મળીને થએલો ભાગ.
જિલ્લો=ઘણા તાલુકા મળી થએલો કલેક્ટરના તાબાનો મુલક
વિભાગ=ભાગના ભાગ
કમિશનર=વિભાગનો ઉપરી અધિકારી
કલેક્ટર=જિલ્લાનો મુખ્ય ઉપરી; જિલ્લાનો સુબો
મુલતવી રાખવું=થોડા વખત સુધી નહિ વસુલ કરવું તે
અમલદાર=અધિકારી
સુખાકારી=આરોગ્યતા
દેખરેખ=તપાસ
ઈજનેર=બાંધકામ ખાતાનો વડો અધિકારી
ઇન્સ્પેકટર=તપાસણી કરનાર અમલદાર
વહીવટ=કારભાર
મામલતદાર=તાલુકાની જમાબંધી વસુલ કરનાર અમલદાર
લેણદેણ=લેવું દેવું
મુન્સફ=સબ જજ

સવાલ—તાલુકો, જિલ્લો અને પ્રાંતની વ્યાખ્યા બોલો. એ દરેકના ઉપરીને શું કહે છે? જમીનની વસુલાત માફ કરાવવી અથવા મુલતવી

રખાવવી એ કોણ કરી શકે ? પ્રાંતના મુખ્ય ખાતાનાં નામ દો અને એ ખાતાના મુખ્ય અમલદારને શું કહે છે તે કહો. તાલુકાના લેણદેણ સંબંધી દાવા કોણ ચુકવે છે ? તાલુકામાં પોલીસ ખાતાનો મુખ્ય અમલદાર કોણ ? જિલ્લાના દવાખાનાના ઉપરી દાકતરને શું કહે છે ?

પાઠ ૪૭

બીના=બાબત; હકીકત
રેલ=પૂર
તીડ=અનાજ ખાઇ જનાર એક જાતનું પક્ષી
પાક=મોલ
બંદુક=પિસ્તોલ જેવું હથિયાર
પરવાનગી=છુટ; રજા
આશા=ઉમેદ
ભલામણ=સિફારસ
છુટ=રજા; પરવાનગી
હાલ=હમણા
ડેપ્યુટી=મદદનીશ
કન્યાશાળા=છોકરીઓની નિશાળ
પરીક્ષા=તપાસ
શોધવા=તજવીજ કરવા
નલાયક=નહિ ચાલે એવો
નિરાશ=નાઉમેદ
ખૂન=મારી નાખવું તે; ઘાત
જુબાની=સાક્ષીએ કહેલી બોલ; સાહેદી

સવાલ—કલેકટરને મુખીએ શી બાબતની અરજી આપી ? પોલીસના ઉપરી સાહેબને શું કહે છે ? જિલ્લા જડજને શું કામ હોય છે ?

પાઠ ૪૮.

નાળું=પાણી જવાનું ગરનાળું
મૂળ—નદી જે ઠેકાણેથી નીકળે છે તે જગા
ડહોળું=કાદવવાળું
ચિકાર=એક કાંઠે ભરપુર
ઝરણું=જમીનમાંથી ફુટતી પાણીની સેરો
બરફ=ટાઢથી ઠરી ગએલું પાણી
ઠરી=જામી; બંધાઇ
થીજીને=ઠરીને
ઘટ=જાડો
કરચો=ઝીણા કટકા
હિમ=ઠાર
બાફ=વરાળ
કિરણ=સીધી લીટીમાં પડતો પ્રકાશ
ટીપાં=ફોરાં
ઝાકળ=ઠંડીના જોરથી હવામાંની વરાળનું પાણી થવું તે
અટકીએ=થોભીએ

પાઠ ૪૯.

દેવતા=અગ્નિ
ફૂંકણી=ભુંગળી

વા નાખીએ=વીંજીએ
ગતિ=હાલચાલ
મીણબત્તી=મીણ સાથની વાટ
અંગારા=સળગતા કોયલા
તાજી=ચોકખી
ઠરી જાય=હોલવાઇ જાય
ગુંગળાઇ=રૂંધાઇ
જોત=બળતું; ભડકો
દવ=જંગલમાં લાગેલી આગ

પાઠ ૫૦.

મિઠાઇ=ગળ્યા પદાર્થ
કંટાળતો=કાયર થતો
પુષ્કળ=ઘણું
મીઠું=લુણ; નીમક
મોળી=ફીકકી
બેસ્વાદ=સ્વાદ વગરની
સ્વચ્છ=ચોકખું
ખારીઆ=ચીભડાના કકડાને મીઠાના પાણીમાં બોળી સુકવી બનાવેલા તે
જીવ=જીવાત
તાજાં=તરતના
અગર=મીઠું પાકે તે જગા
જુઆળ=પાણીનું ચઢવું; ભરતી
કણી=રજકણ
સાંભરી=એકઠી કરી; ઉસરડી
ઢગલા=ઢગ
તરી આવે=ઉપર આવે
સિંધવ=મીઠાની એક જાત
જથાબંધ=ઘણું જ
દેશાવર=પરદેશ

સાર–માણસને પહેલે નંબરે હવાની; બીજે નંબરે પાણીની; ત્રીજે નંબરે ખોરાકની; અને ચોથે નંબરે મીઠાની જરૂર છે. મીઠું સ્વાદમાં ખારૂં છે, છતાં મીઠું કહેવાનું કારણ એ કે તે ખોરાકને સ્વાદવાળો બનાવે છે.

પાઠ ૫૧.

ગંધક=પીળા રંગની ઝટ ભાંગી જાય એવી વસ્તુ
મતલબ=ઇચ્છા
ખાસ=ખસુસ; જરૂર
બરડ=ઝટ ભાંગે એવી
ચુરેચુરા=ભુકેભુકા
મૂળરંગ=અસલ રંગ
આંચ=ઝાળ
ધરી=પકડી
ભડકો=બળતું
વિસ્મય=નવાઇ; અચંબો
ગજરો=ફૂલનો માથામાં ઘાલવાનો તોરો
ઝાળ=આંચ
ઉડાવવા=બદલવા

સાર—ગંધકમાં રંગ ઉડાવવાનો ગુણ છે.

પાઠ પર.

શોખ=મરજી; ઇચ્છા
અફાળી=પટકી; પછાડી
ખરબચડી=ખાડા ખબોચીઆંવાળી
ફટકડી=એક જાતની ખાટા તુરા સ્વાદની વસ્તુ
બાજુ=પાસા
પાસા=કોરણો

પહેલદાર=પહેલવાળી;
હાર=કંઠો
કીમતી=ઘણી કિંમતીનો
અકીક=રંગીત ચળકતા
પત્થરની એક જાત
ઝવેરાત=હીરા, માણેક
વગેરે રત્ન
ઝુમ્મર=કાચનું કે ધાતુનું
ઝાડ

પાઠ પ૩.

કોદાળી=જમીન ખોદ-
વાનું ઓજાર
સમી=દુરસ્ત
ભઠ્ઠી=ધાતુ પીગાળવાનો
મોટો ચુલો
પાનું=ફળ
એરણુ=લુહાર, સોની
વગેરે જેનાપર મૂકી
ટીપે છે તે ઓજાર
ટીપીને=ઘડીને
સીધું=પાંસરૂં
નળીઓ=ભુંગળીઓ
રવેશ=માળનો ઝુલતો
ભાગ; ગોખ
ખીંટીઓ=ખુંટીઓ
ઘા કર=ટીપ
પોલાદ=ખરૂં લોઢું
કરવત=લાકડા વહેરવાનું
હથિયાર
ભરતર=ભરીને બનાવેલું
સ્ક્રૂ=પેચવાળો ખીલો
કાનસ=રેતરડી
ઘડતર=ઘડીને બનાવેલું
નકકર=સંગીન
પાધરૂં=બહારે બહાર

પાઠ પ૪.

ઇંદ્રિય=શરીરના જે ભાગ
વડે કામ અને ભાન
થાય છે તે (જેમકે
આંખ, કાન, નાક, જીભ,
ચામડી, હાથ, પગ,
મોં, ગુદા, ઉપસ્થ)
મુખ્ય=મોટા
અંગ=ભાગ; અવયવ
સોપારીનાંઝાડ=સોપારણુ
ચોંટી=વળગી; બાઝી
અગત્યનું=જરૂરનું
છિદ્રો=કાણાં
શોષી=ચૂસી
આધાર=ટેકો
એકાદું=એક
ખ્યાલ=અટકળ; ધારણા
બારીક=સૂક્ષ્મ; ઝીણા
સાર=ઝાડનાં મુખ્ય ૭
અંગ છે. મૂળ, થડ
પાંદડાં, ફૂલ, ફળ, બી.
પહેલાં ત્રણ ઝાડને જીવા-
ડનાર અંગો છે.

પાઠ પપ.

સીસાપેન=પેનસીલ
ઘટ=ઘાડુ
ચીકણું=ચિકાશવાળું
ઘડીઆં=તાડી ભરવાનાં
ઉંચી ડોકના ઘાડવા
છેદ=કાણું; વેહ
ઝરપે=ધીરે ધીરે વહે
આરપાર=આ બાજુથી
પેલી બાજુ
તાડી=ખાટો નીરો; ખ-
જુરી કે તાડનો રસ
નીરો=ખજુરી વગેરેનો
તરતનો ઝરેલો રસ

ખરસાણી=થુવેરની એક જાત

થોર=થુવેરીઓ

ગુંદર=ઝાડનો ચીકણો રસ

આંકડો=એક જાતનું ઝાડ (એના ફૂલ હનુમાનને ચઢે છે)

ઉપવાસ=ભૂખ્યા રહેવું તે

સાણુચોખા=વાંસીયા ચોખા

છાલ=છોડા; ચામડી

રેસા=તંતુ; તાર

ડહોળી=વલોવી

ગળણી=ગાળવાનું ઝીણાં કાણાંવાળું વાસણ

હલકા=જલદી પચે એવા

પાઠ ૫૬.

શુમારે=આસરે

કુંડી=નાનું કુંડું

ઉંબી=ઘઉંની કંઠી

સુખળાં=ડુંડા કે કંઠીની બાજુએ સોયા જેવું ઊગે છે તે

ખાંચ=ઓભણુ

મુલક=દેશ

દાઉદખાની=પીળા પોચા

વાજીઆ=ઝીણા કાળાશ પડતા

પોટો=ધોળો ઠુમસો

ઠુમસો=ઠુંકો પણ ભરાઉ

ફાડ=ભાગ

પુષ્ટિકારક=કૌવતઆપનાર

બરછટ=કઠણ ને ખરબચડું લાગે એવુ

થુલું=ભુસું; ચાળણ

બાફે=ગરમ પાણીમાં રાંધે

હવાલો=તારની ચાળણી

ઝાટકીએ=ઉપણીએ

ચાળણ=ચાળતાં બાકી રહેલો ભાગ; થુલું

રવો=ઝીણો દાણાદાર લોટ

વાની=ચીજ

આથો=ચઢીને ખાટું થએલું આશ

લેપડી=પટ્ટી

જખમ=ઘા

પોટીસ=ગુમડાં વગેરે દરદ પકવવા માટે ઘઉં, અળસી વગેરેને બાફી લુગદી કરવામાં આવે છે તે

પાઠ ૫૭.

બગીચો=બાગ

દાંડી=વચલી નસ

થોકડો=જથો; ઝુડો

ચૂંટી=તોડી

સાંકડું=નાનું

ગંજીફા=રમવાનાં પાનાં

માફક=પેઠે

કમળ=તળાવમાં થતું એક જાતનું ફૂલ

અળવી=અળુનાં પાંદડાં

જથાબંધ=સામટું

કુંવાર=કુંવારનો છોડ

દાંતા=અણીવાળી કોર

અગથીઓ=અગથીઆનું ઝાડ

ગુલમોર=એક જાતનું ફૂલનું ઝાડ

ફુલો=પાંખીયા વગરનું ફૂલ

પાઠ ૫૮.

જીવજંતુ=નાનાં જીવડાં
પતગીઉં=એક જાતની સુંદર પાંખવાળો કીડો
વર્ગ=જાત
જઠર=ખાધેલું પચાવવાની કોથળી
ખૂબસુરત=દેખાવડી
બીમકુલ=સમુળગી
માદા=પશુ પક્ષીમાં સ્ત્રી જાત હોય તે
પાંખ=પડ
વૈતરી=વેઠ કરનારી
અવસ્થા=દશા; હાલત
ઇયળ=પેટે ચાલનાર કીડો
કીડિઆરૂં=કીડીનું દર
ચોખંડું=ગુજરાન
કોશેટા=લાંબી ગોળ દડી
નિરાંતવાળી=નચિંત થઈ
અવતાર=એક રૂપ બદલી બીજા રૂપમાં આવવું તે
પુડા=મધ માખીનું ઘર
ઝુમખો=લુમ
કુટુંબ=વંશ; ઓલાદ
વંદા=વાંદા

પાઠ ૫૯.

ભાગોળ=શહેર કે ગામમાં પેસવાનો દરવાજો
ઘોળાયા કરતો=વારંવાર યાદ આવતો
ભાથું=મુસાફરીનું ખાવાનું
સમડી=કાગડાના આકારનું મોટું પ્રાણી
તીર=કામઠું
ધસારાબંધ=ઝડપથી
નજર=નીગાહ; ધ્યાન
નહોર=તીખા નખ
ચીરે=ફાડે
કરાંઠી=કપાસ, તુવર, વગેરેની સુકાઈ ગએલી ડાળી
સરી=લપસી
અંધારાં=ચક્કર; ફેર; તંમર
શીંગડી=હાડી ખાનારું મોટું પક્ષી
ઢોળાવ=ઢાળ
ગરદન=ડોક
પુરૂં કરે=ખાઈ જાય
ખાઉધરાં=ખાતાં ધરાં નહિ એવાં; અકરાંતીઆં
ગળે છે=ઉતારી દે છે.
કોહેલું=સડેલું
કમકમાટ=ચીતળી; કંટાળો

પાઠ ૬૦.

ઠેકડા=કુદકા
દોડાદોડ=નાસાનાસ
ભપકાદાર=શોભિતા
સુંદર=ખૂબસુરત
વલવલાટ=ઠરીને નહિ બેસવું તે; વલોપાત
રમુજ=આનંદ
બદન=શરીર; અંગ
પીઠે=બરડે; વાંસે
કાબરચીતરી=ઘણી કાળી અને થોડી ધોળી એવી
ગુચ્છાવાળી=ઝુમખા જેવા વાળવાળી
છોડાં=છોતરાં
ગર=માવો
કુમળી=નરમાશવાળી
કુંપળ=ફણગો; અંકુર

કાતરી-કાપી
શાહી=બંને બાજુપર
 એકેકો અણીદાર દાંત
 હોય છે તે
રૂવાંટી=ઝીણાં વાળ
ચકોર=ચાલાક; ચંચળ
અવાજ=સાદ
ઘાતકી=ખુની; નિર્દય
દુશ્મન=શત્રુ
બચાવ=રક્ષણ
પોલાણ=પોકળ ભાગ
ઝુમખો=જથો
છત=છાજ
બીકણ=બીએ એવું
નજરે=પડતું દેખાતું
ખાસ કરીને=ઘણું કરીને
દૂરનું દૂર=આઘે ને આઘે
તેજ=ચાલાક
કૌવતવાળા=મજબુત;
 જોરવાળા
ઉપરાઉપરી=એક પછી
 એક
ફાળ=કુદકો; છલંગ
ઘટ=જાડી
રતુમડો=રતાશ પડતો
કલ્લા=પુળા
રહેઠાણ=વાસ; મુકામ
તૂલ=અનાજના છોડ
સમીસાંજ=સંધ્યાકાળ

પાઠ ૬૧.

પૂછડીહલાવતો=ખુશ થતો
ફરી વળ્યા=વીંટળાયા
સરત=હારજીત
ખંખેરી=ઝાટકી
હઠે=દૂર જાય; ખસે
લટકતી=લબડતી
લાળ=ચીકણું થુંક
પંજા=પાંચ આંગળાં
 જેટલો ભાગ
ગબડી=દોટ
ભરોસાદાર=વિશ્વાસુ
મમતાવાળું=માયાળુ
તાબેદાર=હુકમમાં રહેનાર
પત કરતી=લેખતી;
 ગણકારતી
માન=આબરૂ; હેત

પાઠ ૬૨.

સવાલ=પ્રશ્ન
ટટાર=સીધા
અણીપડતાં=અણીવાળા
દેખાવ=શોભા; ભભક
બરછટ=કરકરા
બગાસું ખાય છે=આળસ
 દૂર કરે છે
ડાચું=જડબું
જોરાવર=બળવાન
નળો=ઘુંટણથી પાટલી
 સુધીનો પગનો ભાગ
વિકરાળ=ડરામણું
છાતીવાળું=હિંમતવાન
હુમલો=ધસારો
ટુકડી=ટોળી
બદામીઉ=બદામના રંગ
 જેવું
ભુરાશ પડતી=ભુરાશ પર
પાદર=ગામના ઝાંપા
 બહારની જગા
કીકિયારી=ચીસ
પકડું=પહોંચેલું; પેક
ભમે=ભટકે; રવડે

મારો=ગુચ્છો
ખોળ=શોધ; તપાસ
દરાખ જેવાં=ગળ્યાં; મીઠાં
વાઢ=શેરડીનું ખેતર
ખંધાઇ=લુચ્ચાઇ

પાઠ ૬૩.

ઘુરકવા=ડોળા કાઢવા
ખાતર=માટે; વાસ્તે
પજવો=હેરાન કરો
કોઠી=નાનો કોઠાર
નુકસાન=બગાડ
કીકી=આંખના ડોળાની વચ્ચેનો ગોળ કાળો ભાગ
સહેલાઇથી=થોડી મહેનતે
શોભા=દેખાવ
જ્ઞાન=સમજ
ખબર=જાણ
ઘોર=ઘણું બિહામણું
મ્યાન=તરવારનું ઘર
ચીરૂં=ફાડું
કરકરી=ખરબચડી
છોલી=ફોતરાં કાઢી
ઉપયોગીપણું=જરૂરીઆત
સતાવશો=દુ:ખ દેશો
મહેરબાની=દયા
ગુણ=પાડ
કાસળ કાઢવું=જડ મૂળથી નાશ કરવો.

પાઠ ૬૪.

સિંહણ=સિંહની માદા
અજાયબ=નવાઇ
ધ્યાન=ચિત્ત
અગ્નિ=દેવતા
યાળ=કેશવાળી; ઘોડા કે સિંહની ડોકપરના વાળ
ઠેલણ=હડસેલી શકાય તેવી
ઘુઘવાટો=ઘૂ ઘૂ કરતો અવાજ
ગર્જના=સિંહનું બરાડવું તે
ધ્રૂજતાં=કાંપતાં
ભયંકર=બિહામણા
વાઘણ=વાઘની માદા
ગોસ=માંસ
ચળકે=ઝળકે
બો=બીક
ઠેકાણું=નિયમ
ચાખેલ=સ્વાદીઓ
વસ્તી=વાસો; રહેઠાણ
ચાઠાં=ડાઘા
દીપડો=વાઘની જાતનું પ્રાણી
આંતરે=ઘેરે; કબજે કરે
હેરાન=દુ:ખી

પાઠ ૬૫.

ગોકળગાય=પરમેશ્વરની ગાય
કરોડ=વાંસાની વચમાંનું ઉભું હાડકું
દવાખાનું=ઇસ્પિતાલ
હાડપિંજર=હાડકાનું ખોખું
દિવાલ=ભીંત; કરો
ટાંગ્યું=લટકાવ્યું
બિહામણું=ડરામણું
ગરદન=બોચી
પાંસળી=પાસા પરની હાડકી
બેડોળ=કદરૂપુ
ભરાઉ=ભરેલું
બેશક=નક્કી; ખચીત
કૌવત=જોર; બળ
અવયવો=ભાગો

ખોપરી=મગજનો દાબડો
મગજ=ખોપરી માંહેનો નરમ ભાગ
ફેફસાં=દમ ભરવાની કોથળી
હૃદય=લોહીની ટાંકી
થાપો=કુલાની પાસેનો બાંધનો ભાગ
ફુકકો=દમ ભરવાની કોથળી
સંરક્ષણ=સાચવવું તે
રેસા=તાર; તાંતણા
સંકડાય=સંકોચાય
ગોટલો બાઝે છે=એક ઠેકાણે એકઠો થાય છે.

સવાલ ૧) માંસપેશી શેની બને છે? સ. ૨) હાડકાંની જરૂર શા માટે છે? સ. ૩) લોચામાં કયો ગુણ છે કે જેથી તે લાંબા ટુંકા થઇ શકે છે? સ. ૪) શરીરમાં કેટલાં હાડકાં છે?

પાઠ ૬૬.

કુદરતી=માણસનું કરેલું નહિ તે; ઇશ્વરનું બનાવેલું તે
ઢાંકણ=કવર; પડ
ચામડી=ત્વચા
સુંવાળી=લીસી
ઢીમું=ઢીમણું
રક્ષણ=સંભાળ; બચાવ
ગોડ=રસવિકારની ગાંઠ
ઉપસી=ઉંચી આવી
પડ=પોપડો
ખરી પડે=જતી રહે; નીકળી જાય
રૂઝાતા જાય=રૂઝ આવતી જાય
દરદ=દુ:ખ
નિશાની=એંધાણી
લર્દું=જબરી
આળુ=જરા અડકયાથી પણ દુખાય તેવું
ભોંકે=ઘોંચે; ઘાલે
ખાલ=ચામડી; ત્વચા
અડકે=છેડે
ખમાતું=સહન થતું
ઓસીકું=નાનો ટકીઓ
દાખલો=ઉદાહરણ
ખોળાઉ=ઉપલું પડ
હેઠલું=નીચેનું
ગલેફ=ઓસીકા કે ગોદડાંને ચઢાવેલા પડ
સૂક્ષ્મદર્શક=નાની ચીજને મોટી દેખાડનાર
અસંખ્ય=અગણિત; ઘણાજ
રેખા=કાપા
ગરમ=હુંફાળું
ગેડો=ગેંડીનો નર

સ. ૧) શરીરનું ઢાંકણ કયું? સ. ૨) ચામડીનો ઉપયોગ કહો. સ. ૩) ચામડીમાં કેટલાં પડ છે? સ. ૪) એ પડનો ઉપયોગ સમજાવો. સ ૫) કઇ જગાની ચામડી જાડી હોય છે? સ. ૬) એક દાખલો આપી ચામડીની રચના સમજાવો. સ.૭) જેના શરીર પર વાળ

વધારે હોય તેની ચામડી કેવી હોય છે ?

પાઠ ૬૭.

સુરત=તાપી નદીને ડાબે કાંઠે શહેર છે.
ટકોરો=આંગળી વાળી નખથી ઠોકવું તે
તળીઉં=નીચેનો ભાગ
ખાસું=મઝાનું; સારૂં
કમાવેલું=પકવેલું
તરડે=તરડ પડે; ચીરા પડે; ફાટે
ટકે=નભે; ચાલે
પહેર્યા=ઘાલ્યા
બીક=ડર; ભો
ચમારવાડો=જ્યાં ચમાર લોકો રહેતા હોય તે જગા
કોથળી=થેલી
વાસ મારતી=ગંધાતી
ઠરાયું=ઉભું રહેવાયું
ટાંગી=લટકાવી
રાંપી=ચામડું સાફ કરવાનું મોચીનું ઓજાર
જીન=ઘોડાની પીઠ પર નાખવાની ચામડાની ગાદી
કુમળું=નરમ
મશક=પાણી ભરવાનો ચામડાનો કોથળો

સ. ૧) ચામડામાં કયો ગુણ છે કે જેથી પાણી અંદરથી બહાર નીકળી જતું નથી ? સ. ૨) જોડા પહેરવાથી શો લાભ? સ. ૩) ચામડાને કેળવવાની રીત કહો. સ. ૪) ચામડાની કઈ કઈ ચીજો થાય છે ?

પાઠ ૬૮.

ઊન=ઘેટાના વાળ
ઢોરઢાંકર=બળદ, ઘોડા વગેરે
ઓઢો=બળદને ઓઢાડવા માટે સીવેલું કપડું
ગરમાવો=હુંફ; ગરમી
ઉતર્યા=પુરા થયા; ગયા
ગાંસડી=પોટલી
કાતવું=લાંબા દોરા કાઢવા
ઉઠવેઠ=કડાકુટ; માથાકુટ
વાંકડીઆ=ગુંચળીઆ
ભરાઉ=પાસે પાસે
ટકાઉ=મજબુત
સાચવી=સંભાળી
રુઆં=ઝીણા જીવડાં
વારકુટ=જેકીટ; એક જાતનું બાંય વગરનું બદન
ઝબ્બો=પગની પાની સુધીનો ડગલો; જામો
કબજા=બાંય વગરનું બદન

સ.૧) ઘેટાંને ટાઢ કેમ વાતી નથી. ? સ. ૨) ભરવાડ કયારે ઊન કાતરી લે છે ? ૩) ઊનનો ઉપયોગ કહો. સ. ૪) ઊનના કપડાંથી ટાઢ કેમ વાતી નથી ? જ. ૪) શરીરમાંથી ગરમી નીકળી જવા પામતી નથી.

પાઠ ૬૯.

ચોઘડીએ=વખતે
આંગણું=બારણા આગળની જગા
બેઠક=ભોંયતળીઆની ઉંચાઈ
ખાસ=જાણી જોઇને
તળીઉં=નીચેનો ભાગ
ભેજ=શરદી
કુંભી=ઘરના ઉભા આડા લાકડા બેસાડવા માટેની બેસણી
સાગ=લાકડાની એક જાત
છોલાણું=છો દેવડાવવી તે
પરસાળ=ઘરમાં પેસતાં પડેલો ખંડ આવે છે તે
ઓસરી=ઓટલી
દેરાસર=દેવને રાખવાનું ઠેકાણું
પૂજા=સેવા
રસોડું=રાંધણી; રાંધવાનો ઓરડો
પાણિઆરૂં=પાણીના બેડાં તથા ગોળી મૂકવાનીજગો
કોઠાર=અનાજ ભરી મૂકવા માટે લાકડાનો કે કાદવનો બનાવેલો ઘાટ
ધુમાડીઉં=ધુમાડો નીકળવા માટે બાંધેલું તે
ઘેરાઇ=ભરાઇ
વૈદના પગલાં થતા નથી=રોગ આવતો નથી
જાજરૂ=સંડાસ
વાડો=ઘરની પાછળની ખુલ્લી જમીન
ક્યારો=ચોરસ ખાડો
છીંડી=ઘરની પછાડીના નેવાં પડવાનો ભાગ
સીડી=નીસરણી
દિવાનખાનું=બેસવા ઉઠવાનો મુખ્ય ઓરડો
ખુબીથી=સફાઇથી
વેલ=વેલા
ખીંટી=ખુંટી
તાકા=મોટા ગોખલા
મોભ=છાપરાની વચમાંનું આડું લાકડું
સાકટી=વળી
પકવાસા=છાપરાના સાકટા સાથે જડેલી પાટીઆની ચીપો
કામડું=વાંસની બે ફાડમાંની એક ફાડ
સરડાવવું=છાપરા ઉપર કામડાં બંધાવવાં
છત=છાજ
નરદમ=તદ્દન; એકલી
ઝરૂખો=ગોખ; અટારી
બેશક=નક્કી
સગડવાળું=સગવડ ભરેલું વગવાળું

પાઠ ૭૦.

ઓછાયો=ઓળો; પડછાયો
છાયાયંત્ર=ઓળાપરથી વખત જાણવાનું યંત્ર
સાધન=સાહિત્ય
મદારી=ખેલ કરનાર

સ.૧) અસલના વખતમાં ઘડિઆળ હતા? અસલના લોકો વખત શા ઉપરથી જાણતા?

પાઠ ૭૧.

ઘડિઆળ=વખત જાણુ-વાનું યંત્ર
ચંદા=ઘડિઆળમાં આંકા માંડેલો ગોળ ભાગ
પગથીઉં=નાની ઓટલી
I=એક.
II=બે
III=ત્રણ
IV=ચાર (૫–૧)
V=પાંચ
VI=૭ (૫+૧)
VII=સાત (૫+૨)
VIII=આઠ (૫+૩)
IX=નવ (દસ–એક)
X=દશ
XI=અગિઆર (દશ+એક)
XII=બાર (દશ+બે)
કુંડાળુ=ગોળ ચકરડું
મિનિટ=અઢી પળ; સાઠ સેકંડ
અંતરે=છેટે
કમાન=પોલાદની પટી કે તારનું ગુંછળું
સામટા=ભેગા
મધરાત=વચલી રાત
ઝડપ=ઉતાવળ
કુંચી=ચાવી

સ. ૧) ઘડિઆળમાં કેટલા કાંટા હોય છે? સ. ૨) બંને કાંટા સરખા હોય છે? સ. ૩) નાના તથા મોટા કાંટાથી શું જણાય છે? સ. ૪) ઘડિઆળ જોતાં શીખવાને માટે પહેલું શું ઓળખવું જોઇએ? સ. ૫) ચંદા પર કેટલે સુધી આંકડા માંડેલા છે? સ. ૬) નાનો કાંટો આઠ પર હોય ત્યારે મોટો કાંટો કયા આંકડાપર હોય છે?

પાઠ ૭૨.

પડીકું=બંડલ
સમતોલ=સરખું વજન
ત્રાજવું=તોલવાનું સાધન
તોળવા=જોખવા
દાંડી=ત્રાજવા બાંધે તે લાકડી
ચીચવો=એક ઉભા લાકડાપર બીજા આડા લાકડાની વચમાં સોલ ઘાલી બે છેડે બેસવાની રમત
મધ્ય=વચલા
સેજસાજ=જરા
છેતર્યો=ઠગ્યો
પલ્લું=છાબડું
પાધરો=સીધો
તોલ=વજન
સમ=સરખી
યુક્તિ=તદબીર

સ. ૧) આપણને માલ ઓછો ન મળે તે માટે ત્રાજવાની બાબતમાં શી તપાસ રાખવી?

પાઠવાર અઘરા શબ્દો.

(પાઠ ૧) વાર્તા, પદાર્થપાઠો, ચિત્રો, હોશિયારી પુસ્તકો, વનસ્પતિઓનું, (પાઠ ૨) લિપિમાં, બ્રાહ્મણી, પંડિતો, અક્ષરો, માત્રા, અનુસ્વાર, વિસર્ગ. (પાઠ ૩) ટટું, કળિયુગ, ઉતર્યો, બુદ્ધિ, હિંડાડે, ખર્ચુંપાન, શ્રાવકનો, જાત્રાએ, બિચારૂં, અકકલનો. (પાઠ ૪) ધણીધણિઆણી, ઈશ્વરભક્તિ, ઇશ્વરકૃપા, ચૌદશ, સ્વભાવ, સ્ત્રીઓને, અભ્યાસ, ઇચ્છે, સોંપ્યો, ખસ્યો, શુદ્ધિમાં, આશ્ચર્ય. (પાઠ ૫) લગ્ન, પ્રીત, ખવાડયું, આશિષ, ખૂંચેલો. (પાઠ ૬) ઇન્સાફ, વિજયનગર, પૈસાદાર, સત્તર, ખરીધા, મિલ્કત, વર્તીશું. (પાઠ ૭) પરમેશ્વર, પૈસા, અટકાવ્યો, વિશ્વપતિ, જગકર્તા, ભુલ્યો. (પાઠ ૮) ઈશ્વરસ્તુતિ, વિશ્વસ્વામી, સ્તુતિ, પ્રાર્થના, ભક્તિ, નિવારો. (પાઠ ૯) સિંહ, અત્યારે, ગર્વ. (પાઠ ૧૦) પ્રમાણિક, કિંમત, ગર્વ, આગ્રહ, ધન્ય. (પાઠ ૧૧) જાપ્તો, તૂટી, દ્રવ્ય, મેળવ્યું, ભુંડું, તાકયું. (પાઠ ૧૨) યુધિષ્ઠિર, અર્જુન, ક્રોધ, વર્તણુકથી, દુર્યોધનથી, દ્રૌપદી, ચિત્રગુપ્ત, ગંધર્વ, અંતઃકરણ, ગુસ્સે. (પાઠ ૧૩) ડાહ્યો, ન્યાયાધીશ, પ્રીતિ, ચર્ચા. (પાઠ ૧૪) ગૃહસ્થ, નિસાસો, કદાપિ. (પાઠ ૧૫) મહોલ્લામાં, મશ્કરી, આગ્રહ, સ્વાદ. (પાઠ ૧૬) રિવાજ, વર્તમાનપત્ર, ઉત્તર, લક્ષ્મી, પત્થર, ઝુંપડાં, ભટકતી, વિદ્યાર્થી. (પાઠ ૧૭) રિવાજ, વર્તમાનપત્ર, ઉત્તર, લક્ષ્મી, પત્થર, ઝુંપડાં, ભટકતી, વિદ્યાર્થી. (પાઠ ૧૮) સ્વચ્છ, ચોંટાડયાં, ઈંદ્રિય, સ્થિતિ, દાકતર, પ્રસંગ, અકસ્માત, ધ્યાન, છિદ્રો, નાહ્યા,

અટક્યું. (પાઠ ૧૯) વિદ્વાન, પ્રમાણિક, નિર્ણય. (પાઠ ૨૦) દિલ્હી, પ્રખ્યાત, પરાક્રમી, વિદ્યાનો, વિષયો, નિશ્ચય. (પાઠ ૨૧) મચ્છર, ફાટયો, યુક્તિથી, ગર્વથી, અભિમાની, નમ્ર. (પાઠ ૨૨) પત્રવહેવાર, સ્થાપન, ઓફિસ, ટિકિટ, પરબીડીઆં, પત્તા, તીર્થરૂપ, ચિરંજીવી, રાજેશ્રી, પ્રિયભાઈ, સૌભાગ્યવતી, ગંગાસ્વરૂપ, ટુંકું, પત્તો, જિલ્લો. (પાઠ ૨૩) દોડાવ્યો, અલ્લાહ, વિનંતી, આશ્ચર્ય, ભિખારી, સ્થિતિ, ભેટયો, ઈર્ષાખોર, દેશનિકાલ. (પાઠ ૨૪) વાદવિવાદ, ધુર્ત, પ્રાણી, પ્યારૂં, ક્રૂર, સ્વારી, શ્રેષ્ઠ, ન્યાય, નિર્દોષી, વ્યાપાર, અથડાય. (પાઠ ૨૫) ધક્કો, ફેડાવ્યો, ફુટયો, દોષ, સદ્‌ગુણી. (પાઠ ૨૬) પ્રદર્શન, ગૂંથે, તલ્લીન, વિષય, સંખ્યામાં, નાતમલાલ, વિલાયતમાં. (પાઠ ૨૭) કિલ્લો, અગત્ય, પુષ્કળ, વિના, સંગ્રહ. (પાઠ ૨૮) પિત્તળના, ચળકાટ, પ્યાલા, કઠિઆરા, વળેલા, તરસ્યા, વિસામો, ધર્માદા, ચોકખું. (પાઠ ૨૯) શેખચલ્લી, તર્કપ્રસાદ, ગુરુની, વળગ્યો, તર્ક, વિદ્યાનો, ઉપાડયો, ધુણાવ્યું, ભાંગ્યો, ઉઘમે, ચેતવ્યો. (પાઠ ૩૦) મુકાવ્યો, દોડયો, ગોથું, ઉડાડ, પ્રયાસ. (પાઠ ૩૧) મળસ્કે, તરુવર, વનસ્પતિ, જળધારે, પોઢે, સંતોષ, વિપત્તિઓ, ચિંતવ્યા. (પાઠ ૩૨) પ્રકારની, ઈચ્છતા, ડહેલી, હુક્કો. (પાઠ ૩૩) પિડાય, ગંદું, મંદવાડ, જંતુઓ, ખુણેખોચરે, પાથરણું, શ્વાસ, બિછાનાં, ઢોળાય, ઝાડીઝુડી, દુર્ગંધ. (પાઠ ૩૪) કૈકેયી, શત્રુઘ્ન, અયોધ્યામાં, કૌશલ્યા, સુમિત્રા, લક્ષ્મણ, પ્રાણથી, વૃદ્ધ, સ્વભાવવાળી, પ્રીતિ, ઉથાપશે, ચોદ, ધિક્કાર. (પાઠ ૩૫) ઢોલ, ઝણકારા,

સ્થિર, ચમત્કારવાળા. (પાઠ ૩૬) ઓષ્મ, શ્યામ, મહિમાય, ઝૂલે, કોકિલા, સુગંધ, ચિત્ત, આમ્ર, પ્રફુલ્લ. (પાઠ ૩૭) વસાવ્યું, ડહાપણ, (પાઠ ૩૮) પ્રહલાદ, કસ્બો, પુરુષોના, પુતળાં, ઓળંગી, ખંડેર, ટોચ, દહેરૂં, મુશ્કેલ, દિવાલો, વાયવ્ય, ઔરંગા, પ્રવાહ, ઉતર્યો, પાટીઉં, આકૃતિ, ગોઠવ્યા. (પાઠ ૩૯) દેવસ્થાન, પર્વત, કાઠિઆવાડમાં, શેત્રુંજો, તળેટી, તુટીને, ટુકડાની, શિખર, પાલિતાણા, દેવકીઉનાઈ, લસુંદ્રા, પીગળેલો, ઠંડું, ભિંજાય, તુટી. (પાઠ ૪૦) જન્મ, બન્યું, ગમ્મત, પૃથ્વી. શક્તિ. નિચાણ, સમુદ્ર, પશ્ચિમે, સરિતા, નિર્મળ, ચિત્રવિચિત્ર, કિનારે, પિછાણીએ. (પાઠ ૪૧) શાહમોહમંદ, ભુરૂં. તાણી, કોડીઓ, વીણવા. (પાઠ ૪૨) ભૂશિર, ભૂગોળવિદ્યા, ટેકેલ, નિશાન, અથડાય, પુષ્કળ, ક્રિયા, દ્વીપકલ્પ, હંમેશાં, સાસુદ્ધુની. (પાઠ ૪૩) ઇચ્છું છું. ત્રણેક, ભઠ્ઠીમાંથી, સળગાવેલા, પૈંડાની, રેડવું, સજ્જડ, ચોંટી, લોઢા, હેડગાડામાં, ગોદડાંના, ખોળીઆં, ઝાંપે. (પાઠ ૪૪) છુટ્ટી, ગિલ્લીદંડા, કિલ્લો, ઓફિસ, છંટાય છે, રાત્રે, વરાળયંત્રથી, મીણબત્તી, (પાઠ ૪૫) દુરસ્ત, ખુટતા, સખ્તી, લપેટી, તિજોરર, કોથળી, ડાક્તર (પાઠ ૪૬) કલેકટર, ઇન્સ્પેકટર, મુન્સફ, ચોર્યાસી, કમિશનર, અધિકારી, અગત્યના, ઓછોવત્તો, ડેપ્યુટી, બોર્ડ, સંમતિ, સિવિલસર્જન. (પાઠ ૪૭) શાંતિલાલ, પરીક્ષા, કાંઠા, હથિયાર, કન્યાશાળા, નિરાશ, નાખ્યા. (પાઠ ૪૮) શીખવ્યું, ફૂટતાં, થીજીને, સૂર્યનાં, કિરણો, પૃથ્વી, ઝાકળ, પહોંચ્યાં, (પાઠ ૪૯) ફંકીએ, ગતિમાં, ઢાંકું છું, ઠાલવી. (પાઠ ૫૦)

અંગ્રેજી, ગોવિંદ, મિઠાઈ, મોળી, બોળું છું, બેસ્વાદ, સ્વચ્છ, બાઝી, મુશ્કેલ. (પાઠ ૫૧) વિસ્મય, પ્યાલુ, હલાવ્યું, હેઠળ, સળગાવ્યો, લિલાશ, પદાર્થ, ચૂંટી, ઝાળ, ધર્યું. (પાઠ ૫૨) ગોઠવ્યાં, અફળી, વાંકીચુકી, ગુરુજી, ખડકમાંથી, ઝુંમર, (પાઠ ૫૩) સ્ક્રૂ, મિત્ર, ટીપ્યું, અટ્યા, વળ્યા, ચપટો, તાળાં, કઠેરા, દિવાલની, ખીંટીઓ, ધાંડઆળ, ચપ્પુ, નક્કર, સિવાય.

(પાઠ ૫૪) ઇંદ્રિયો, ઉત્પન્ન, પાંદડાં, ફૂલ, ચોંટીને, ટટાર, અગત્યનું, છિદ્રો, ચૂસે, શોષી, ખ્યાલ, મોઢાં (પાઠ ૫૫) દોહતા, પિળાશ, ઢીંગલીઓ, ચોંટાડવાને, હિંદુ, નિતારી, ડહોળી, (પાઠ ૫૬) પુષ્ટિકારક, કુંડી, ઉંબીમાં, ટુમસો, અડદ, ઝુલું, ગુંદીને, પલાળીને, ફેણ્ણા. (પાઠ ૫૭) દાડયા, સાંકડું, શોષી, ચિરાએલાં, અગથીઆનાં, કૃષ્ણલાલ. (પાઠ ૫૮)

અવસ્થા, ભટકયા, સૂંઢ, ખૂબસુરત, વેતરી, ઝાડાં, કીકિઆરામાંથી, નિરાંત. (પાઠ ૫૯) ભાથું, ઉતર્યો, થાક્યો, પાણી, ખાઉધરાં, કોહેલું. (પાઠ ૬૦) ગુચ્છાવાળી, કુંપળો, રાક્ષી, સુંવાળી, ઓચીંતી, કલ્લામાં. (પાઠ ૬૧) ગભરૂી, અક્કલવાળું (પાઠ ૬૨) શિઆળ, શ્રીધર. (પાઠ ૬૩) તાણ્યું, તળીઆ. (પાઠ ૬૪) અગ્નિ, ગર્જના, ધ્રૂજતાં, ચોંટયું, ઠેલણગાડી, ભૂખ્યો, વસ્તી, પાંજરૂં. (પાઠ ૬૫) ગણ્યાં, હાડપિંજર, ટાંગ્યું, બિહામણું, કૌવટ, ફુકકો, માંસપેશી, રેસાની, સંકડાય. (પાઠ ૬૬) સૂક્ષ્મદર્શક, દાઝીએ, રૂઝાતો, લઈ, ભોંકે, હેઠલું, અસંખ્ય, ઋતુમાં. (પાઠ ૬૭) ઠરાવ્યું, કુક્કર. (પાઠ ૬૮) વાસ્કુટ, ઝબ્બા, ઊઠવેઠ. (પાઠ ૬૯) ક્ષેલાણું, પાણિઆરૂં, તુળસીક્યારો, છીંડી,

ચીતરાવ્યાં, સરકાવ્યું, અભ્યાસ, ઝરૂખામાં (પાઠ ૭૦) ઘડિઆળ, મિનિટ, ચક્કર, ઠસંવાઇ, (પાઠ ૭૧) અઠ્ઠાવીસ, અથડાય, અંગ્રેજમાં (પાઠ ૭૨) ત્રાજવું, કાટલું, તોળ્યું, બાંધ્યું, જોખ્યું, યુક્તિઓ, ઓળખવા, મૂક્યું.

કડાંની ડ્રિલ.

કડાં લોઢાના સળીઆનાં બનાવેલાં હોય છે. અને તેનો વ્યાસ એક શિલિંગ જેટલો હોય છે; અને તેની જાડાઇનો પરીઘ બે ઇંચનો હોય છે; તે રાતા, વાદળી વગેરે તરેહના પાકા રંગથી રંગેલાં હોય છે; **સૂચના—૧)** કડાંની દરેક રમત અગિઆર સુધી કરાવી બારે કડાં હાથ સાથે લટકતાં રખાવવાં. ૨) છેલ્લી રમતે બારે કડાં જમીન પર મુકાવી દેવડાવવાં. મૂકતાં અવાજ ન થાય તે બાબત સૂચના આપવી. ૩) કડાં મુઠ્ઠીમાં જોરથી દાબીને પકડવાં, અંગુઠો ટેકણમાં કડાંઉપર રાખવો જેથી કડાં હાલશે નહિ અને પકડવાં સુગમ પડશે. **તૈયાર—**કડાં લેવા તત્પર થવું. **ચાલો—**બે કડાં બે હાથમાં લઇ હાથ નીચે લટકતા રાખવા. **રમત ૧—**૧) બે હાથ ઉંચા. ૨) બેઉ હાથ નીચા લટકતા. **રમત ૨)—**૧ બેઉ હાથ સીધા લાંબા ખભાની સીધી લીટીમાં (મુઠ્ઠીઓ સામાસામી) ૨) બેઉ હાથ પીઠગમ પાછળ ખેંચી કડાં છાતી આગળ રાખવાં. **રમત ૩)—**બે કડાં એકઠાં કરી વચ્ચેથી બેઉ હાથે સામાસામાં પકડવાં. ૧) ઘુંટણમાંથી પગવાળી પગના આંગળાપર વજન રાખી બેસવું. એડી ઉંચી રાખવી. (હાથ બે પગ વચ્ચે સીધા રાખવાં) ૨) ઉભા થવું ને કડાં માથા ઉપર ધરી રાખવાં (ઉભા થતી વખતે એડી જમીનપર ઠોકવી જોઇએ.) **રમત ૪)—**કડાં છુટા કરી એક એક હાથે પકડવા. ૧) જમણો હાથ જમણી તરફ ખભાની સીધી લીટીમાં લઆવવો.

(ડાબો હાથ લટકતોજ રહેવા દેવો) ૨) એકથી ઉલટું. રમત ૫)—૧) જમણો હાથ સામો લાંબો કરવો (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો) ૨) એકથી ઉલટું. રમત ૬)—૧) જમણો હાથ ઉંચો (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો.) ૨) એકથી ઉલટું. રમત ૭)—૧) બેઉ હાથ ઉંચા (મુઠીઓ સામ સામે) ૨) બેઉ કડાં પગના આંગળા (પગ ઘુંટણમાંથી સીધાં રાખવા) રમત ૮)—બેઉ હાથ ઉંચા (મુઠીઓ સામ સામે) ૧) જમણો હાથ મોં સામેથી ઉપલી તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (ડાબો હાથ લટકતોજ રાખવો) ૨) એકથી ઉલટું. રમત ૯)—૧) બેઉ હાથ સામા લાંબા (મુઠીઓ સામાસામી) ૨) બેઉ હાથ પાછળ લાંબા. **રમત ૧૦)**—૧) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં (મુઠીઓ આકાશ તરફ) ૨) બેઉ હાથના અંગુઠા ખભાને અડકાવવા.

આનાની ધાત.	૫૨ – રૂ. ૩।	૪૦૦ – રૂ. ૨૫)
૪ – રૂ. ૦।	૫૬ – રૂ. ૩॥	૮૦૦ – રૂ. ૫૦)
૮ – રૂ. ૦॥	૬૦ – ૩।।।	૧૦ – રૂ. ૦॥=
૧૨ – રૂ. ૦।।।	૬૪ – રૂ. ૪)	૨૦ – રૂ. ૧।
૧૬ – રૂ. ૧)	૬૮ – રૂ. ૪।	૩૦ – રૂ. ૧।।।=
૨૦ – રૂ. ૧।	૭૨ – રૂ. ૪॥	૪૦ – રૂ. ૨॥
૨૪ – રૂ. ૧॥	૭૬ – રૂ. ૪।।।	૫૦ – રૂ. ૩)=
૨૮ – રૂ. ૧।।।	૮૦ – રૂ. ૫)	૬૦ – રૂ. ૩।।।
૩૨ – રૂ. ૨)	૮૪ – રૂ. ૫।	૭૦ – રૂ. ૪।=
૩૬ – રૂ. ૨।	૮૮ – રૂ. ૫॥	૮૦ – રૂ. ૫)
૪૦ – રૂ. ૨॥	૯૨ – રૂ. ૫।।।	૯૦ – રૂ. ૫॥=
૪૪ – રૂ. ૨।।।	૯૬ – રૂ. ૬)	૧૦૦ – રૂ. ૬।
૪૮ – રૂ. ૩)	૧૦૦ – રૂ. ૬।	૧૦૦૦ – રૂ. ૬૨॥

૧૬ – રૂ ૧)	૧૨૮ – રૂ. ૮)	૨૪૦ – રૂ. ૧૫)
૩૨ – રૂ. ૨)	૧૪૪ – રૂ. ૯)	૨૫૬ – રૂ. ૧૬)
૪૮ – રૂ. ૩)	૧૬૦ – રૂ. ૧૦)	૨૭૨ – રૂ. ૧૭)
૬૪ – રૂ. ૪)	૧૭૬ – રૂ. ૧૧)	૨૮૮ – રૂ. ૧૮)
૮૦ – રૂ. ૫)	૧૯૨ – રૂ. ૧૧)	૩૦૪ – રૂ. ૧૯)
૯૬ – રૂ. ૬)	૨૦૮ – રૂ. ૧૩)	૩૨૦ – રૂ. ૨૦)
૧૧૨ – રૂ. ૭)	૨૨૪ – રૂ. ૧૪)	

રૂપીઆભારની ધાત.

		શેર	અધોળ	રૂ.	ભાર	શેર	અધોળ
૧॥	રૂ. ભા.	૦)૦॥	૦॥	૨૧।	,,	૦॥૦॥	૮॥
૨॥	,,	૦)–	૧	૨૨॥	,,	૦॥–	૯
૩॥।	,,	૦)–॥	૧॥	૨૩॥।	,,	૦॥–॥	૯॥
૫	,,	૦)=	૨	૨૫	,,	૦॥=	૧૦
૬।	,,	૦)=॥	૨॥	૨૬।	,,	૦॥=॥	૧૦॥
૭॥	,,	૦)≡	૩	૨૭॥	,,	૦॥≡	૧૧
૮॥।	,,	૦)≡॥	૩॥	૨૮॥।	,,	૦॥≡॥	૧૧॥
૧૦	,,	પાશેર અથવા	૪	૩૦	,,	૦॥।	૧૨
૧૧।	,,	૦।૦॥	૪॥	૩૧।	,,	૦॥।૦॥	૧૨॥
૧૨॥	,,	૦।–	૫	૩૨॥	,,	૦॥।–	૧૩
૧૩॥।	,,	૦।–॥	૫॥	૩૩॥।	,,	૦॥।–॥	૧૩॥
૧૫	,,	૦।=	૬	૩૫	,,	૦॥।=	૧૪
૧૬।	,,	૦।=॥	૬॥	૩૬।	,,	૦॥।=॥	૧૪॥
૧૭॥	,,	૦।≡	૭	૩૭॥	,,	૦॥।≡	૧૫
૧૮॥।	,,	૦।≡॥	૭॥	૩૮॥।	,,	૦॥।≡॥	૧૫॥
૨૦	,,	૦॥	૮	૪૦	,,	૧)	૧૬

સમાપ્ત.

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો૦ કૃત.

બ્રિટિશ ત્રિવેદિવાચનમાળાના અર્થો.

પુસ્તક ૧ લાના	૦–૪–૦	પુસ્તક ૫ માના	૦–૮–૦
પુસ્તક ૨ જાના	૦–૫–૦	પુસ્તક ૬ ઠ્ઠાના	૦–૬–૦
પુસ્તક ૩ જાના	૦–૬–૦		
પુસ્તક ૪ થાના	૦–૭–૦	પુસ્તક ૭ માના	૦-૧૦-૦

—: વર્નાક્યુલર ટેક્સ્ટ બુકસોના અર્થો :—

બાળવર્ગની નોટ	૦–૨–૦	છઠ્ઠીના અર્થ	૦–૯–૦
પહેલીના અર્થ	૦–૨–૬	સાતમીના અર્થ	૦-૧૦-૦
બીજીના અર્થ	૦–૪–૦	કન્યા ૧લીના અર્થ	૦-૪-૦
ચોથીના અર્થ	૦–૭–૬	કન્યા ૨જીના અર્થ	૦–૫–૦
પાંચમીના અર્થ	૦–૮–૦	કન્યા ૩જીના અર્થ	૦–૭–૦

" ડિકટેશન શિક્ષક "

બાળપોથીનો	૦–૨–૦	ત્રીજીનો	૦–૩–૦
પહેલીનો	૦–૨–૬	ચોથીનો	૦–૪–૦
બીજીનો	૦–૩–૦	પાંચમીનો	૦–૪–૦

☞ દરેક ધોરણના "મુખગણિત શિક્ષક" તૈયાર છે ☜

ગુજરાતની સા૦ ભુગોળની પ્રશ્નોત્તરમાળા ૩ આના.

સુરત જિલ્લાનો ભુગોળ શિક્ષક ૩ આના.

છગનલાલ મોતીરામ શાહ. શા[illegible] સુરત.

સુરત જિલ્લાનો નકશો પાંચ આના.